કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૨૪ એપ્રિલ, ૨૦૨૪ બુધવાર
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૨૮૭◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર વદ-૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૬૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### કોંગ્રેસ મેનિફેસ્ટોમાંથી સર્વેની વાત હટાવે : પિત્રોડાના નિવેદન બાદ શાહનો કોંગ્રેસ પર મોટો વાર



# ભારતમાં વિરાસત પર રાજકીય વિવાદ

**કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન સામ પિત્રોડાએ આપેલા નિવેદન પર રાજકારણ શરુ : ભાજપ-કોંગ્રેસે એક બીજા પર કર્યા વાર : કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહે કહ્યુ કે, પિત્રોડાના નિવેદનને સૌ ગંભીરતાથી લે, આ નિવેદનથી કોંગ્રેસનો ચહેરો આવ્યો સામે : પિત્રોડાના નિવેદન પર કોંગ્રેસ જવાબ આપે**

**જો કે સામપિત્રોડાએ કહ્યુ કે, મારા નિવેદનને તોડી-મરોડીને રજુ કરવામા આવ્યો છે, કોંગ્રેસે કહ્યુ કે, પક્ષનું નહી તે પિત્રોડાનું વ્યકિત ગત નીવેદન છે : ભાજપ**

(પ્રતિનિધિ દ્વારા)

નવી દીલ્હી : સામ પિત્રોડાએ આપેલા વિરાસતના નિવેદન મામલે હવે દેશમાં રાજકારણ તેજ બની જવા પામી ગયુ છે. આ નિવેદનથી ભાજપ દ્વારા કોંગ્રેસને ઘેરવાની શરૂઆત કરવામા આવી ગઈ છે. આમ તો કોંગ્રેસ દ્વારા સમગ્ર નિવેદન મામલે અંતર બનાવી લેવામા આવ્યુ છે પરંતુ આજ રોજ કેન્દ્રીય ગૃહમંત્રીએ પણ આ વિષયને લઈને નિવેદન બાજી તેજ કરી દીધી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ હાલમાંજ એક નિવેદનમાં કહ્યુ હતુ કે, જો ચૂંટણી બાદ તેમની સરકાર સત્તામાં આવશે તો સર્વે કરવામા આવશે અને કોની પાસે કેટલી સંપત્તી છે તે જાણવા મળશે. જયારબે સામ પિત્રોડાને તેમના નિવેદન વિશે પુછાવમા આવ્યુ તો તેમણે અમેરીકામા લાદવામ આવેલા વારસાગત ટેક્ષનો ઉલ્લેખ કર્યો હતો. પિત્રોડાએ કહ્યુ કે, અમેરીકામાં વીરાસત ટેક્ષ છે જો કોઈ વ્યકિત પાસે ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તી છે તેમના મૃત્યુ પછી ૪૫ ટકા મિલકત તેમના બાળકોને ટ્રાન્સફર કરવામ અવે છે જયારે ૫૫ ટકા મિલકત સરકારની માલીકી બની જાય છે. જો કે સામ પિત્રોડાએ નિવેદન આપયા બાદ તરત જ કહ્યુ કે, ભારતમાં વિરાસત ટેક્ષની વાત કરી જ કોણે છે? મારા નિવેદનને કોંગ્રેસના ચુંટણી મેનીફેસ્ટો સાથે સરખાવવામાં આવી રહ્યું છે. તો ભાજપના અમિત માલવીયા દ્વારા આ બાબતે કહેવાયુ છે કે, કોંગ્રેસ દેશને બરબાદ કરવા ઈચ્છી રહી છે. કોંગ્રેસ કહે છે કે જો તે સત્તામાં આવી તો વિરાસત ટેક્ષ લાગુ કરશે. જો કે, કોંગ્રેસ દ્વારા કહેવાયુ છે કે, આ નિવેદન સામપિત્રોડાનુ વ્યકિતગત નિવેદન છે, કોંગ્રેસને તેનાથી કઈ લેવા દેવા નથી. ભાજપ દ્વારા સતત વાર પર પલટવાર કરવમા આવી રહ્યા છે. ભાજપ કહે છે કે આવી નીતીઓના લીધે જ અગા. દેશ બરબાદ થવા પામી ગયો છે.

## વિરાસત વિવાદ : શાહને રાહુલનો વળતો જવાબ

### કોંગ્રેસનુ ઘોષણાપત્ર ક્રાંતીક



નવીદીલ્હી : સામપિત્રોડા અને રાહુલના વિરાસત ટેક્ષ-સર્વે મામલે કરવામા આવેલા નિવેદનને લઈને વિવાદ વકરી રહ્યો છે ત્યારે રાહુલ ગાંધીએ ભાજપને જવાબ આપતા કહ્યુ હતુ કે, દેશના એકસરેથી ખબર પડશે કે કોની કેટલી ભાગીદારી છે, પરંતુ ભાજપ હવે દેશ તોડવાનો પ્રયાસ કરી રહ્યુ છે. કોંગ્રેસનુ ઘોષણા પત્ર ક્રાંતિકારી છે. નોધનીય છે કે, શાહે કોંગ્રેસને તેમના મેનિફેસ્ટોમાથી સર્વેને કાઢવાની માગ કરી હતી.

## રૂપાલા વિવાદ : હર્ષ સંઘવીનો હિંમતનગરમાં પડાવ



ગાંધીનગર : કેન્દ્રીય ગૃહમંત્રી હર્ષ સંઘવીને ભાજપ તરફી રૂપાલા વિવાદને લઈને ડેમજ કંટ્રોલની કમાન સોપવામાં આવેલી છે. અનેકવિધ પ્રયાસો અને રૂપાલાએ પણ ત્રણથી વધુ વખત જાહેરમંચ પરથી માફી માંગી લીધી હોવા છતા પણ આ વિવાદ સમવાનું નામ જ નથી લેતો ત્યારે હર્ષ સઘવી ખુદ મેદાનમાં ઉતર્યા છે અને તેઓએ રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, કચ્છ સહિતમાં ક્ષત્રીય સમાજના આગેવાનો સાથે બેઠકોનો ધમધમાટ શરૂ કરી દીધો છે અને તે વચ્ચે જ હવે ગૃહમંત્રી આજ રોજ હિંમતનગર પહોચ્યા હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આ મામલે જાણવા મળતી વધુ વિગતો અનુસાર હર્ષ સંઘવી આજ રોજ સવારે ૧૦ વાગ્યે હિમંતનગર સમીપેના એક ખાનગી રીસોર્ટ ખાતે પહોંચ્યા છે. હર્ષ સંઘવીની સાથે રત્નાકરજી પણ પહોચ્યા છે અને અહીના એક ખાનગી રીસોર્ટમાં ક્ષત્રીય સમાજમાં વ્યાપેલા રોષને ઠારવા માટે ડેમેજ કન્ટ્રોલની કવાયત કરવામા આવી રહી છે. આ બેઠકમાં ભાજપના સાંસદ, વિવિધ ચાર બેઠકોના ધારાસભ્યો ઉપરાંત રમણભાઈ વોરા સહિતના આગેવાનો પણ હાજર હોવાનુ મનાય છે. માત્ર હિમંનગર જ નહી પરંતુ આણંદ અને ખેડામાં પણ શ્રી સંઘવી અને રત્નાકરજી આજ રોજ બેઠક કરવા પહોચી રહ્યુ છે.

## કોંગ્રેસે સામાજિક ન્યાયની હત્યા કરી : પીએમ

**છત્તીશગઢમાં વિરાટ જનસભાને વડાપ્રધાને કર્યુ સંબોધન : કોંગ્રેસના વિરાસત ટેક્ષ મામલે લીધી આડેહાથ : પ્રજાજનોને કહ્યુ કે, કોંગ્રેસ તમારી સંપત્તી લુંટવા માંગી રહી છે**



(પ્રતિનિધિ દ્વારા)

નવી દીલ્હી : દેશમાં લોકસભાની ચૂંટણીને માટે બીજા તબક્કાના મતદાનને ગણતરીના દીવસો બાકી રહ્યા છે અને આજ રોજ સાંજે આ પ્રચાર પડધમ શાંત પડી જવાના છે તે વચ્ચે જ દેશના વડાપ્રધાન અને ભાજપના સ્ટાર પ્રચારક નરેન્દ્ર મોદી છત્તીશગઢ પહોચ્યા છે. તેઓએ આજ રોજ અહી વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતુ અને અહી નરેન્દ્ર મોદીએ પણ સેમ પિત્રોડાના નિવેદનને લઈને કોંગ્રેસને બારાબારની આડેહાથ લીધી હોવાના અહેવાલો પ્રાપ્ત થવા પામી રહ્યા છે.

આ બાબતે જાણવા મળતી વધુ વિગતો અનુસાર મોદીએ સભામાં કહ્યુ કે, કોંગ્રેસની નજર તમારી સંપત્તી પર પડેલી છે. કોંગ્રેસની લુંટ આમપ્રજાજનોની જીંદગીની સાથે પણ રહી હતી અને જીંદગીની બાદ પણ રહી હતી. કોંગ્રેસ પક્ષ તમારી સંપત્તી લુટવા માંગી રહી છે અને એટલે જ સેમ પિત્રોડા દ્વરા વિરાસત ટેક્ષ લાગુ કરવાની વાત કરવામા આવી છે. કોંગ્રેસ દ્વારા સામાજીક ન્યાયની હત્યા જ કરવામા આવી હોવાનો પણ શાબ્દીક વાર નરેન્દ્ર મોદી દ્વારા કરવામા આવ્યો હતો.

## લોકસભા ચૂંટણી પહેલા તંત્ર-પોલીસ પર ગુજરાત કોંગ્રેસ પ્રમુખનો મોટો આરોપ

**મતદારોને મળી રહી છે ધમકી, તંત્ર ગુનાહિત કૃત્ય છોડે, મતદારો પણ ડરે નહીં : શકિતસિહ ગોહીલ**



ગાંધીનગર : દેશમાં જેવી રીતે ગરમીનો પારો ઉચકાવવા પામી રહ્યો છે તેવી જ રીતે હવે રાજકીય પારો પણ વધારે ગરમાવવા પામતો હોવાનો વર્તારો જોવાઈ રહ્યો છે.

દરમ્યાન જ લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શકિતસિંહ ગોહીલ દ્વારા એક મોટો આરોપ લગાવવામા આવ્યો છે. તેઓએ વીડીયો મારફતે મતદારોને અપીલ કરતા કહ્યુ છે કે, કોઈ પણ મતદારોએ ડરવાની જરૂર નથી. શ્રી ગોહીલે કહ્યુ કે, મને ફરીયાદો-રજુઆતો મળી રહી છે કે મતદારોને તંત્ર અને પોલીસ તરફથીધાક ધમકી થતા કોલ આવી રહયા છે જેમા કહેવાય છે કે, તમારૂ મતદાન નીચુ થાય તે જોવાનુ છે. પરંતુ આ આ લોકશાહી છે અને આવી રીતે જો મતદારોને ડરાવવા ધમધમાવવામાં આવતા હોય તો એ ગુનાહિત કૃત્ય જ કહી શકાય. શ્રીગોહીલે મતદારોને અનુરોધ કર્યો છે કે, મતદારો ડરે નહી અને જો આવી ધમકીઓ કોઈ આપતુ હોય તો કોંગ્રેસના વોર રૂમનો સંપર્ક કરે. હવે તો ટેકનોલોજીનો સમય છે, કોઈએ ધાક ધમકી આપી હોય તો તેમનો ઓડીયો-વીડીયો રોકોર્ડ કરી લ્યો. સત્તાધારી પક્ષે મતદાન વધુ ન થાય તેની તકેદારી રાખતા કોલ પણ ધમકી સાથે આતા હોવાની ફરીયાદો શ્રી ગોહીલને મળતી હોવાનું પણ તેઓએ જણાવ્યુ હતુ.

## 'જય ભવાની'ના નારા સાથે ક્ષત્રિય સમાજના ધર્મરથોનું પ્રસ્થાન



રાજકોટ: રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા અણછાજતા વિધાનો સામે ગુજરાતભરમાં આ વિશાળ સમુદાયના આંદોલન તથા રૂપાલા સહિત ભાજપના ઉમેદવારોને વિરુદ્ધ મતદાન માટેના સંકલ્પમાં આજે પાર્ટ ટુ યુદ્ધ શરૂ કર્યુ છે અને વિખ્યાત અંબાજી મંદિર, તથા રાજકોટમાં આશાપુરા માતાજીના મંદિર સહિત રાજયમાં ૧૪ શક્તિ પીઠો પરથી ધર્મરથયાત્રાનો પ્રારંભ કર્યો છે.જે રથ અલગ અલગ વિસ્તારોમાં ફરીને ભાજપ વિરુદ્ધ મતદાન માટે સંકલ્પ લેવરાવશે. આ આંદોલનમાં ક્ષત્રિય મહિલાઓ ખૂબજ અગ્ર ભૂમિકા ભજવી રહી છે. ભાજપ માટે ડેમેજ કંટ્રોલ પણ મુશ્કેલ બની ગયુ છે અને તેના વિરોધમાં આજથી ધર્મરથ યાત્રાનો પ્રારંભ થયો છે જેમાં ક્ષત્રિય બહેનો અને અગ્રણીઓ વિવિધ વિસ્તારોમાં સભાઓને પણ સંબોધશે.

## બીજા તબક્કાની ચૂંટણી માટેનું કાઉન્ટ ડાઉન શરૂ

**બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો પર આજે સાંજ થી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થશે : બીજા તબક્કાની ચૂંટણી માટે ૮૯ બેઠકો પર ૨૬ મી એપ્રિલ એ મતદાન યોજાશે**

નવી દિલ્હી : લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો પર ચૂંટણી યોજાયા બાદ હવે બીજા તબક્કાની ૧૩ રાજયો ની ૮૯ બેઠકો માટે ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાશે આથી બીજા તબક્કા ની ચૂંટણી માટે ૮૯ બેઠકો પર આજ સાંજ થી પ્રચાર પડઘમ શાંત પડશે. બીજા તબક્કામાં આસામ બિહાર છત્તીસગઢ કર્ણાટક કેરાલા મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર મણીપુર રાજસ્થાન ત્રિપુરા ઉત્તર પ્રદેશ પશ્ચિમ બંગાળ અને જમ્મુ કશ્મીર એમ કુલ ૧૩ રાજ્યોની ૮૯ લોકસભા બેઠકોની બીજા તબક્કાની ચૂંટણી ૨૬ એપ્રિલના રોજ યોજાનાર છે. બીજા તબક્કાની ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો પર ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાનાર હોય આજે સાંજ થી આ ૮૯ બેઠકો પર ચૂંટણી પ્રચાર પડઘમ શાંત પડી જશે. ૮૯ બેઠકો પર ભાજપ કોંગ્રેસ સહિત ના રાજકીય પક્ષો અને અપક્ષો એ ચૂંટણી જીતવા માટે ચૂંટણી પ્રચારમાં મતદારો સુધી પહોંચવા માટે અને પોતાના તરફ કરવા માટે એડી ચોટીનું

અનુસંધાન પાના નં.૪ પર









કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર વદ- ૧, તા.૨૪ એપ્રિલ, બુધવાર

# હવે ગુજરાતનો વારો!



## વિશ્વના સૌથી જનપ્રિય લોકનાયક ગુજરાતમાં ચૂંટણી પ્રચારની સંભાળશે કમાન : આદિવાસી પટ્ટામાં રહેશે ફોકસ

દેશભરમાં લોકસભાની ચૂંટણીનો પારો હવે ધીરે ધીરે ઉંચકાઈ રહ્યો છે. ભાજપના સ્ટાર પ્રચારકો ચૂંટણીસભાઓ ઠેર ઠેર ગજી રહ્યા છે. ત્યારે વિશ્વના સૌથી લોકપ્રીય નેતા અને ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ દેશભરમાં વિવીધ રાજયોમાં સભાઓ ગજવી રહ્યા છે ત્યારે હવે ગુજરાતમાં પણ કાર્બેટ બોમ્બીગ પ્રચારનો તખ્તો ઘડી લેવામા આવ્યો છે.

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠક માટે ૭ મે ના રોજ મતદાન થવાનું છે. જો કે તે પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં પ્રચંડ પ્રચાર કરશે. કેન્દ્રીય નેતાઓની ફોજ ગુજરાતના રણમેદાનમાં ઉતારવામાં આવશે. ગુજરાતના સ્થાપના દિવસે પ્રધાનમંત્રી મોદી ગુજરાત આવશે અને આદિવાસી પટ્ટામાં ચૂંટણીલક્ષી પ્રવાસ કરશે.

પ્રધાનમંત્રી દાહોદ અને પંચમહાલ લોકસભા બેઠક માટે ઝંઝાવતી પ્રચાર કરશે. ભાજપ અન્ય વિસ્તારમાં પણ પ્રધાનમંત્રીની સભાનું આયોજન છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતની તમામ બેઠકો પાંચ લાખથી વધુની લીડથી જીતવાનો લક્ષ્યાંક ભાજપ દ્વારા નિર્ધારીત કરવામા આવ્ય છે. ત્યારે વડાપ્રધાનનો પ્રચાર આ લક્ષ્યાંકને પાર પાડવાને માટે ચોકકસથી કારગત નીવડી શકે છે. ૭મી મે એ ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે ૨૫ બેઠકો પર મતદાન થવાનુ છે. ત્યારે ગુજરાતના ચૂંટણીના પ્રચાર મેદાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પ્રચાર અર્થે પધારશે. પીએમ મોદી ૧લી મેએ ગુજરાત સ્થાપના દિવસે દાહોદમાં ચૂંટણી રેલીને સંબોધિત કરવાના છે. પીએમ મોદી પંચમહાલ અને દાહોદના ભાજપના ઉમેદવારોના પ્રચારાર્થે જનસભાઓને સંબોધવાના છે. ગુજરાતનાં સ્થાપના દિવસ પર પીએમ મોદીનું આગમન ઘણું સૂચક મનાઈ રહ્યું છે.

# રાપર પોલીસે શ્રમજીવીના રૂપિયા શોધી આપી માનવતાનું કાર્ય કર્યુ



રાપર : રીક્ષામાં ભુલી ગયેલા ગેડીના મજુર શ્રમજીવી જેઠાભાઈ જીવાભાઈ પારકરા કોળી રાપરની બજારમાં પચાસ હજાર જેટલી રકમ લઈ ભાણેજના લગ્ન પ્રસંગે ખરીદી કરવા માટે આવ્યા હતા, ત્યારે કોઈ જગ્યાએ માતબર રકમ ગુમ થઈ ગઈ હતી. ગુમસૂમ બની ગયેલ જેઠાભાઈ અહીં તહીં ભટકી રહ્યા હતા ત્યારે કોઈએ તેમને રાપર પીઆઈ જે.બી. બુબડીયાને મળવા માટે કહ્યું હતું ત્યારે પીઆઈએ તેમની વાત સાંભળીને રાપર પોલીસ મથકના કર્મચારીઓ ચંદનભાઈ પુરબીયા, વશરામ ચૌધરી, રામદેવસિંહ જાડેજા, કમલેશભાઈ ચાવડા, મુકેશ ચાવડા, નરેશ ઠાકોર સહિતનાએ સીસીટીવી કેમેરા તથા જે સ્થળે ગયા હતા તે સ્થળ પર તપાસ કરવા માટે એલર્ટ કરી દીધા હતા. શ્રમજીવીના રૂપિયા પુરેપુરા રીક્ષામાં મળી આવ્યા હતા. પોલીસે શ્રમજીવીને આજે કાળી મજુરીના રૂપિયા પરત મળતા હરખની હેલી વચ્ચે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર માન્યો હતો.

## સ્વ. તારાચંદભાઈ છેડાની બીજી પુણ્યતિથિ ઉજવાઈ

ભુજ : માનવસેવા અને જીવદયાનાં ભેખધારી, પૂર્વ રાજયમંત્રી, પૂર્વ ધારાસભ્ય, સર્વ સેવા સંઘ અને કવિઓ મહાજન ભુજના પૂર્વ અધ્યક્ષ, માનવજ્યોત સંસ્થા ભુજનાં માર્ગદર્શક સ્વ. તારાચંદભાઈ જગશી છેડાની બીજી પુણ્યતિથિએ માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારાનાં માનસિક દિવ્યાંગોને માતૃશ્રી લક્ષ્મીબેન જગશીભાઈ છેડા પરિવાર કાંડાગરા- ભુજ તરફથી મિષ્ટાન સાથેનું ભોજન જમાડવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રબોધ મુનવર, સુરેશભાઈ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, દિપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, મનસુખભાઈ નાગડા, કનૈયાલાલ અબોટી, શંભુભાઈ જોષીએ તેઓની સેવાઓને બિરદાવી અંજલિ આપી હતી.

# આવતીકાલે કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસો.ની સામાન્ય સભા યોજાશે

### સંસ્થાના નવા હોદ્દેદારોની થશે વરણી

ભુજ : જિલ્લાના ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની અગ્રગણ્ય સંસ્થા કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશનની સામાન્ય સભા આવતીકાલ તા.૨૫ એપ્રિલના સાંજે ૪.૩૦ કલાકે સંસ્થાના ગ્રાઉન્ડ કુકમા બાયપાસ ખાતે મળશે. આ બેઠકમાં હિસાબોનું વાંચન, સંસ્થાની કામગીરીનો અહેવાલ, મુદત પૂરી થતાં પ્રમુખનું ઉદ્દબોધન, નવા હોદ્દેદારોની વરણી અને આભાર પ્રસ્તાવ એજન્ડા રહેશે. આ જનરલ સભામાં ઉપસ્થિત રહેવા દરેક ટ્રક માલિકો, લિગ્નાઈટ પરિવહન સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓના પ્રતિનિધિઓને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

સંસ્થાના પ્રમુખ નવઘણ વી. આહિર, ઉપપ્રમુખ રાજેશ આહિર, ખેંગાર પબા રબારી, મહેન્દ્રસિંહ જાડેજા, મંત્રી હરિભાઈ પટેલ સહિત સંસ્થાના હોદ્દેદારોની મુદત પૂરી થતી હોઈ નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવશે તેવું કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશનની યાદીમાં જણાવાયું છે.

# ગાંધીધામમાં ચિત્ર પર જુગાર રમતા છ ખેલી ઝડપાયા

ગાંધીધામ : સામાન્ય રીતે પંચરંગી શહેરમાં ધાણીપાસાનો, ગંજીપાનાનો, વરલી મટકાનો અને આઈપીએલનો જુગાર રમતા ખેલીઓ ઝડપાય છે, એ-ડિવિઝન પોલીસે મહેશ્વરીનગર ઝુપડપટ્ટી વિસ્તારમાં મંદિર પાસે રમાતા અનોખા પ્રકારના જુગારનો પર્દાફાશ કર્યો છે. જેમાં ખુલ્લી જગ્યામાં અલગ ચિત્રવાળુ કાગળનું પોસ્ટર રાખવામાં આવ્યું હતું. તેના પર એકના ડબલનો જુગાર રમાતો હતો. સ્થળ પરથી પોલીસે ૩,૯૩૦ અંગ ઝડતીમાંથી અને દાવ પર લાગેલા ૨૮૦ કબજે કરી ૧૨ હજારના બે મોબાઈલ સાથે અલગ અલગ ચિત્રવાળા ગુલાબી પોસ્ટર કબજે કર્યા હતા. ખીમજીભાઈ દામજીભાઈ મહેશ્વરી, બુધાભાઈ સામજીભાઈ મહેશ્વરી, નરેશભાઈ પંચાણભાઈ મહેશ્વરી, ગોવિંદભાઈ પંચાણભાઈ મહેશ્વરી, વિજયભાઈ અજુભાઈ મહેશ્વરી, પેરાજભાઈ ખજુરીયાભાઈ મહેશ્વરીની ધરપકડ કરવામાં આવી હતી.

## ગાંધીધામમાં મોબાઈલની દુકાનના પતરા તોડી ૨૫ હજારનો સામાન ચોરાયો

ગાંધીધામ : શહેરમાં ભારતનગર ખાતે મેઈન બજારમાં રાધા જ્વેલર્સની બાજુમાં જલારામ મોબાઈલ નામની દુકાન આવેલી જેમાં રાતના સમયે ચોરીની ઘટના બનવા પામી હતી. ફરિયાદી અમીતભાઈ ચમનલાલ સાયતા (ઠક્કર)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે રાતના સમયે તેમની દુકાનની છતમાં લગાવેલા સિમેન્ટના પતરા તોડી તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા હતા અને રીપેરીંગમાં આવેલા અલગ અલગ કંપનીના ૨૩ હજારના પાંચ મોબાઈલ અને ૨ હજારની બે પાવર બેન્ક મળી ૨૫ હજારની મત્તા ચોરી જતા એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# પ્રભાત પબ્લિક સ્કૂલમાં વાર્ષિક ઉત્સવની કરાઈ ઉજવણી





ગાંધીધામ : શ્રી રામદેવ એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પ્રભાત પબ્લિક સ્કૂલ સેક્ટર સાત અમારી શાળામાં દર વર્ષે સાંસ્કૃતિક પ્રોગ્રામ નિમિત્તે વાર્ષિક ઉત્સવની ઉજવણી કરે છે.

આ વર્ષે પણ અમારી શાળા પ્રભાત પબ્લિક સ્કૂલનો ૧૪મો વાર્ષિક ઉત્સવ અંબે માતા હોલ ઓસ્લો સેક્ટર ૪ માં જોશભેર ઉજવવામાં આવ્યો હતો. જેમાં અલગ અલગ રાજ્યોના નૃત્ય શૈક્ષણિક નાટકો અને ગત વર્ષે ૨૦૨૩માં ધોરણ ૧૦ બોર્ડમાં પ્રથમ ક્રમાંકે આવેલ લલિત વિરાઈશને ચાંદીનો સિક્કો અને બીજાને ત્રીજા ક્રમાંકે આવનાર બાળકોને ટ્રોફી આપીને સન્માન કરી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. શાળામાં યોજાનાર કરાટે ના વિદ્યાર્થીઓએ આ વાર્ષિક ઉત્સવ દરમિયાન સ્ટેજ ઉપર પોતાની આગવી અદાઓથી આત્મ રક્ષા કેવી રીતે કરવી તેની જાણકારી પૂરી પાડવામાં આવી હતી. પ્રોગ્રામને સુસ્વામી જ બનાવવા માટે એમ આર શાહ ગ્રુપના એમડી ભીખુભાઈ અગ્રવાલ મયૂમ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રીમાન નંદુભાઈ ગોયલ, કિરણ ગ્રુપમાં એમડી સુરેશ ગુપ્તા, મારવાડી યુવા મંચ ના પ્રમુખ પ્રશાંત પારેખ, મારવાડી યુવા મંચના પ્રાંતિય અધ્યક્ષા મીનુ ગોયલ,આદર્શ યુવા મંડળના પ્રમુખ ઓમ પ્રકાશ સરીયાલા જાગૃતિ શાખાના અધ્યક્ષા રશ્મિન બાગ્રેચા, ડૉ એચ આર ગજવાણી બીએડકોલેજના પ્રિન્સિપલ તુલના અવસ્થિ ગણ માન્ય આગેવાનો હાજર રહ્યા હતાં.આ કાર્યક્રમનું સંચાલન ગણપત કટારીયા અને ભાવના મહેશ્વરી દ્વારા કરવામાં આવ્યું હતું.

વર્ષ દરમિયાન શાળામાં અનેક કાર્યક્રમો ગોઠવવામાં આવે છે જેવા કે અષાઢી બીજ, રક્ષાબંધન નિમિત્તે રાખી કોમ્પિટિશન, દિપાવલી નિમિત્તે દિયા મેકિંગ અને કાર્ડ મેકિંગ કોમ્પિટિશન, રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરી આ દિવસોમાં નાના નાના ભૂલકાઓને અલગ અલગ વેશભૂષામાં આમંત્રિત કરવામાં આવે છે, નિબંધ પ્રતિયોગિતા હોય કે પછી શિક્ષક દિવસની ઉજવણી જેમાં શાળાના વિદ્યાર્થીઓ શિક્ષક બનીને શિક્ષકની ફરજ પૂરી પાડે છે, ક્રિસમસ ડેના દિવસે ક્રિસ્મસની ઉજવણી, રામનવમીના દિવસે રામનવમીની વિદ્યાર્થીઓ શિક્ષક બનીને શિક્ષકની ફરજ પૂરી પાડે છે, ક્રિસમસ ડે ના દિવસે ક્રિસ્મસ ની ઉજવણી, રામનવમીના દિવસે રામનવમીની ઉજવણી, આ રીતે શાળા અનેક ધર્મને આવરી લઈને શાળા અને કાર્યક્રમો અને તહેવારની ઉજવણી કરે છે.ખેલ દિવસના દિવસે રમતગમતની ઉજવણી કરવામાં આવે છે. આ રીતે આ શાળા બાળકોના સર્વાંગી વિકાસને અનુરૂપ થઈને શાળાઓમાં અનેક કાર્ય કરે છે શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ થાય તે ધ્યાનમાં લઈને શાળા તે કાર્યરત છે બાળકો શિક્ષકો સાથે તન્મયતાથી વાતચીત કરી શકે છે ખુલ્લા મને નિખાલસતાથી પોતાના પ્રશ્નો ઉકેલી શકે છે આ રીતે આ વિદ્યાલય પ્રભાત પબ્લિક સ્કૂલ સેક્ટર સાત ગાંધીધામમાં કાર્ય કરે છે.

Key For Success
PRABHAT PUBLIC SCHOOL
A Co-education School of English and Hindi Medium
Managed By: Shri Ramdev Education & Medical Trust Reg. No. (F-1357)
Plot No. 72-73-74, Sec 7, GANDHIDHAM - KUTCH
Mobile: 94272 27164, 97240 09082, 8200569710
ADMISSION OPEN
Nursery, LKG, UKG, 1st to 10th Std
Facilities Provided from school
➡ Loving & Caring Atmosphere
➡ Trained & Experienced Teachers
➡ Learn with Audio & Visual based
➡ Creative Education Plan
➡ Activity & value based teaching
➡ Safe & Secure Environment
➡ CCTV Surveillance
➡ Transportation Available
➡ Personal attention
➡ Extra Curriculum Activities

Transportation Facility Available


**સારું શિક્ષણ કોઈને પણ બદલી શકે અને એક સારો શિક્ષક સમગ્ર સમાજને બદલી શકે છે : શાળા સંચાલક**

# ગાંધીધામની કેમ્બ્રીજ ઈંગ્લિશ સ્કૂલમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ

ગાંધીધામ : સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ સંચાલિત અને ગુજરાત સ્ટેટ બોર્ડ સાથે જોડાયેલી શહેરની કેમ્બ્રીજ ઈંગ્લિશ સ્કૂલમાં આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શહેરની એચડીએફસી બેંક સામે આવેલી શાળામાં છાત્રોને નર્સરીથી ધો. ૧૦ સુધીનું સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરાવવામાં આવે છે. શાળાના નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા છાત્રોને ગુણવતા સભર શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં અદ્યતન કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ છે. દરેક છાત્રના શિક્ષણ પર વ્યક્તિગત ધ્યાન આપવામાં આવે છે. બોર્ડ પરીક્ષામાં શાળાનું પરીણામ ૮૫ ટકા જેટલું ઉંચું રહે છે. શાળાના દરેક વર્ગમાં સરકારશ્રીના નિયમ અનુસાર મર્યાદીત છાત્રોને પ્રવેશ આપવામાં આવે છે. પોતાના સંતાનોને કેમ્બ્રીજ ઈંગ્લિશ સ્કૂલમાં પ્રવેશ અપાવવા ઈચ્છુક વાલીઓને મોબાઈલ નંબર ૭૯૯૦૦ ૪૮૩૪૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

CAMBRIDGE ENGLISH SCHOOL
GANDHIDHAM (KACHCHH)
(Managed by SOCIAL SERVICE CIRCLE TRUST)
Affiliated to "GUJARAT STATE BOARD"
"Announces"
ADMISSIONS OPEN
FOR THE ACADEMIC YEAR 2024-2025
FROM STD NURSERY TO STD IX & XI(General Stream)
Salient Features:
1.Fully fledged Computer Lab.
2.Trained and Efficient Teachers.
3.Personal attention given by teachers to students.
4.Spacious rooms.
5.Securing more than 85% results every year in SSC & HSC Exams.
6.Admissions and No. of students as per Government norms Class wise.
Address: Cambridge English School,1stFloor,
Opp.HDFC Bank,Gandhidham. Ph.221792, Mob no. 79900-48340
Principal

# ગાંધીધામમાં શ્રેષ્ઠ શિક્ષણનો પર્યાય એટલે આદર્શ પ્રાથમિક અને માધ્યમિક શાળા

ગાંધીધામ : સંકુલમાં ગુણવતાસભર શ્રેષ્ઠ શિક્ષણ માટે આદર્શ પ્રાથમિક અને માધ્યમિક શાળાનું નામ મોખરાના સ્થાને રહે છે. આ શાળામાં એક જ સંકુલમાં બાલમંદિર અને ધો. ૧ થી ૧૨ સુધીની શિક્ષણની અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે. નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા છાત્રોને અભ્યાસ કરાવવામાં આવે છે. સરકારશ્રીના માધ્યમથી વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકોનો લાભ આપવામાં આવે છે. શાળામાં અદ્યતન કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, ટેકનોલોજી લેબની સુવિધાઓ ઉપલબ્ધ છે. સીસીટીવી કેમેરાથી સજ્જ શાળા સંકુલમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં આવે છે. રમત ગમત માટે વિશાળ મેદાન અને સાધનોની સુવિધા ઉપલબ્ધ છે. શાળામાં વર્ષ દરમ્યાન શૈક્ષણિક ઉપરાંત સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ પણ આયોજીત થતી હોય છે. શાળાના છાત્રોને તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તર પર પ્રતિસ્પર્ધાઓમાં ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થાય છે. નિયમિત એકમ કસોટીઓ સાથે છાત્રોના વ્યક્તિગત અભ્યાસ પર ધ્યાન આપવામાં આવે છે.

શાળામાં ધો. ૧ થી ૧૨ હિન્દી માધ્યમ (આર્ટસ એન્ડ કોમર્સ)માં કુમાર, ધો. ૧ થી ૧૨ ગુજરાતી માધ્યમમાં કુમાર અને કન્યા, ધો. ૧૧ થી ૧૨ અંગ્રેજી માધ્યમ (સાયન્સ) માં કુમાર અને કન્યાઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ થઈ છે.

આદર્શ પ્રાથમિક અને માધ્યમિક શાળા-ગાંધીધામ
1949 થી કાર્યરત
(AFFILATED TO GSEB)
U-DISE No. : 24011001131.
ધોરણ ૧ થી ૧૨ - હિન્દી માધ્યમ (આર્ટ્સ - કોમર્સ) કુમાર
ધોરણ ૧ થી ૧૨ - ગુજરાતી માધ્યમ (કુમાર અને કન્યા)
ધોરણ ૧૧ અને ૧૨ અંગ્રેજી માધ્યમ (સાયન્સ) (કુમાર અને કન્યા)
પ્રવેશ પ્રક્રિયા શરૂ
વિશેષતાઓ
• એક જ સંકુલમાં બાલમંદિર અને ધોરણ ૧ થી ૧૨ સુધી શિક્ષણની અદ્યતન સુવિધાઓ.
• નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય
• વિનામૂલ્યે પાઠ્યપુસ્તકોનુ વિતરણ (સરકારશ્રી દ્વારા)
• અદ્યતન કમ્પ્યુટર, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી લેબની સુવિધા.
• સી.સી.ટી.વી. કેમેરા દ્વારા નિરીક્ષણ
• શૈક્ષણિક પ્રવાસ N.C.C., N.S.S., S.P.C., SCOUT ની સુવિધા.
• રમત ગમત માટે વિશાળ મેદાન અને સાધનોની સુવિધા.
• શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રતિયોગિતાઓનું આયોજન.
• તાલુકા, જીલ્લા અને રાજ્યસ્તર પર વિવિધ પ્રતિયોગિતાઓમાં ભાગ લેવાનો અવસર.
• કારકિર્દી સંબંધિત વિવિધ કાર્યક્રમોનું આયોજન અને પ્રદર્શન
• નિયમિત એકમ કસોટી.
• સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ તથા મધ્યાન ભોજન યોજનાનો લાભ (પ્રાથમિક વિભાગ માટે)
• પ્રવેશ અને વધારાની માહિતી માટે સંપર્ક કરવો.

પ્લોટ નં. ૩૬૩, વોર્ડ નં. ૧૨/બી, ગાંધીધામ (કચ્છ) ૩૭૦ ૨૦૧
02836-234172
9725843172 | 9601850095
adarshmaha_vidyalaya@yahoo.in
www.adarshmahavidyalaya.in

# અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતી સીડી એટલે શિક્ષણ : એલન બ્લૂમ



ગાંધીધામ : સન ૧૯૫૯માં સ્થપાયેલી કચ્છની પ્રથમ અંગ્રેજી માધ્યમ શાળા એટલે મોડર્ન સ્કૂલ, એન.સી. મહેતા દ્વારા સ્થપાયેલી આ શાળાની આજે ઓસ્લો, ગાંધીધામ અને આદિપુરમાં ત્રણ શાખાઓ આવેલી છે.ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રમાણિત મોડર્ન સ્કૂલમાં વિદ્યાર્થીઓની સંપૂર્ણ ક્ષમતાને નિખારવામાં આવે છે.શાળાની ત્રણેય શાખાઓ શહેરના કોટ વિસ્તારમાં આવેલી છે તેમજ તમામ શાખાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ખાસ પુસ્તકાલય અને કોમ્પ્યૂટર લેબ છે. રમત-ગમતના સાધનોથી સજ્જ મેદાન પણ શાળા પરિસરમાં આવેલું છે. ખૂબ જ અનુભવી અને કર્તવ્યનિષ્ઠ શિક્ષકો દ્વારા પીરસવામાં આવતા શિક્ષણ સાથે શાળા પરિસરમાં આધુનિક સાયન્સ લેબ, ઈન્ડોર સ્પોર્ટ્સ રૂમ, અસેમ્બ્લી એરિયા, કેન્ટિન વગેરે સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.સીસીટીવી અને સારી રીતે વેન્ટિલેટેડ વર્ગખંડોમાં સ્વચ્છતાનો ખાસ ખ્યાલ રાખવામાં આવે છે. અગ્નિ શમક સાધનો અને શુદ્ધ પીવાનાં પાણીની તાકીદ રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે નૈતિક, બૌદ્ધિક, આધ્યાત્મિક અને સામાજિક વિકાસ માટે કટિબદ્ધ થવા તાલીમ આપવામાં આવે છે.

MODERN SCHOOL GANDHIDHAM
Affiliated to Gujarat Secondary & Higher Secondary Education Board
LIGHT MORE LIGHT
MODERN SCHOOL GANDHIDHAM

SINCE 1958
Student's All-Round Development is Our Motto
⇨ A Co-Educational School
⇨ Providing education through Trained and Experienced Teachers.
⇨ Entire campus under CCTV surveillance.
⇨ From Nursery to 12th(General Stream)
NATIONAL & STATE LEVEL WINNERS IN SPORTS & EXTRA CURRICULAR ACTIVITIES
ADMISSION OPEN FOR NURSERY TO STD. I
ACADEMIC YEAR 2024-25

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત એમસીએમસી કંટ્રોલ રૂમની મુલાકાત લેતા પોલીસ તથા જનરલ ઓબ્ઝર્વરો



ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે જિલ્લાકક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મીડિયા મોનિટરિંગ કમિટી અંતર્ગત જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમની પોલીસ ઓબ્ઝર્વર સુનીલ કુમાર મીના તથા જનરલ ઓબ્ઝર્વર્સ અમર કુશવ્હા તથા બચનેશ કુમારે મુલાકાત લીધી હતી. એમસીએમસી કંટ્રોલરૂમની ખાતે ટીવી ચેનલોનું રાઉન્ડ ધ ક્લોક મોનિટરીંગ, દૈનિક ચૂંટણીલક્ષી મીડિયા અહેવાલ વગેરે બાબતોથી એમસીએમસી કમિટીના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયાએ ઓબ્ઝર્વરને અવગત કરાવ્યા હતા. ઓબ્ઝર્વર્સે મુલાકાત કરીને મીડિયા મોનિટરીંગની કામગીરી અંગે જરૂરી વિગતો મેળવીને સંબંધિત માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પોલીસ ઓબ્ઝર્વર સુનીલ કુમાર મીનાને ૧-અબડાસા, ૨-માંડવી, ૩-ભુજ, ૪-અંજાર, ૫-ગાંધીધામ, ૬-રાપર અને ૬૫-મોરબી મતદાર વિભાગની ફરિયાદ - રજૂઆત બાબતે નિમણૂક થયેલા છે. જયારે જનરલ ઓબ્ઝર્વરશ્રી અમર કુશવ્હાને ૧-અબડાસા, ૨-માંડવી, ૩-ભુજ, ૪-અંજાર મતદાર વિભાગ તથા જનરલ ઓબ્ઝર્વર બચનેશ કુમાર અગ્રવાલને ૫-ગાંધીધામ, ૬-રાપર અને ૬૫-મોરબી મતદાર વિભાગની ફરિયાદ - રજૂઆત બાબતે નિમણૂક થયેલા છે. આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઇ, ભુજ પ્રાંત અધિકારી અનિલ જાદવ તથા અન્ય ચૂંટણીલક્ષી કામગીરીના સંદર્ભે નિમણૂક થયેલા નોડેલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કુકમાના આપઘાત પ્રકરણમાં હતભાગી માતા સામે હત્યાની ફરિયાદ

ભુજ : તાલુકાના કુકમા ગામે સામૂહિક આપઘાતનો બનાવ બન્યો હતો. મૂળ બોટાદના પરિવારમાં આ દુઃખદ ઘટના બની હતી. માતાએ પોતાના બે સંતાનોને ફાંસો આપી પોતે ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવમાં પધ્ધર પોલીસમાં હતભાગી માતા સામે હત્યાની ફરિયાદ દાખલ થઈ છે.

કુકમા ગામે આહિર સમાજવાડીની પાછળ રહેતા મૂળ બોટાદના વિજયભાઈ પાંચાભાઈ દેતોજા (ઠાકોર)એ પધ્ધર પોલીસમાં જણાવ્યું કે, તેમના પત્ની ૨૩ વર્ષિય સંગીતાબેને ચાર વર્ષની દીકરી સંધ્યા અને દોઢ વર્ષના દીકરા રાજવીરને ઘરના છત પર લાગેલ લોખંડના એંગલમાં દોરી વડે બાંધી ફાંસો આપી પોતે પણ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવમાં ગુનો દાખલ થતા પધ્ધરના ઈન્ચાર્જ પીએસઆઈ બી.એ.ડાભીએ તપાસ હાથ ધરી છે.હજી સુધી આ ઘટનામાં આત્મહત્યા પાછળનું મૂળ કારણ સામે આવ્યું નથી.

# રાયધણપરમાં પત્નીએ પતિ સામે ફરિયાદ નોંધાવી

ભુજ : તાલુકાના રાયધણપર ગામે પતિ દ્વારા મારકૂટ કરવામાં આવતા ફરિયાદ દાખલ થઈ હતી. રમીલાબેન નામની પરીણિતાએ મોહન ખેંગાર જેપાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી દ્વારા ફરિયાદીને હાથ વડે માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતા માધાપર પોલીસમાં ગુનો દાખલ થયો હતો.

# શિકરામાં સ્વિફ્ટમાં આવેલા ચાર શખ્સોએ ટ્રકમાંથી ૩૧૦ લિટર ડીઝલ ચોર્યું

ભચાઉ : તાલુકાના શિકરા પાસે મોમાય પંચરવાળાની દુકાને ટ્રક રાખેલી હતી. જેમાંથી ડીઝલ ચોરાઈ જતા પોલીસ ચોપડે ફરીયાદ નોંધાવા પામી હતી.

આ બાબતે ફરિયાદી ભચાઉ જુનાવાડામાં રહેતા મનસુખભાઈ જેસંગભાઈ કોલીએ જણાવ્યું કે, તેમના કબજાની ટ્રક નં.જીજે૧૨-બીવી-૦૬૧૬ વાળી પાર્ક કરીને રાખવામાં આવી હતી. જે ટ્રકની ડીઝલની ટાંકીમાંથી ૩૧૦ લિટર ડીઝલ કિંમત રૂ.૨૮,૫૨૦નો ડીઝલ ચોરાયું હતું. કેમેરા ચેક કરતા સફેદ કલરની સ્વિફ્ટ ગાડી નં. જીજે૦૪-સીએ-૩૦૮૭ મા ચાર જણા આવ્યા હતા. તેઓ ડીઝલ ચોરીને ભાગી ગયા હોવાનું જણાઈ આવતા ભચાઉ પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## સર્વોચ્ચ મૂલ્યો અને બહુવિધ ક્ષમતાઓ ધરાવનાર નાગરિકોને ઉછેરવાનાં મુખ્ય ઉદ્દેશ સાથે

# કચ્છમાં પ્રથમ વખત એજ્યુકેશન સેક્ટરમાં ૨૯ વર્ષની શ્રેષ્ઠતા ધરાવનાર જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીધામ

**યોગ, ડાન્સ અને મ્યુઝિક રૂમ, ક્લાસિકલ અને વેસ્ટર્ન માટે અલગ રૂમ, આ સાથે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ધરાવતું શાળા સંકુલ**



ગાંધીધામ :કચ્છમાં પ્રથમ વખત એજ્યુકેશન સેક્ટરમાં ૨૯ વર્ષની શ્રેષ્ઠતા ધરાવનાર જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીધામ બાળકોની સર્વાંગીણ વિકાયાત્રા માટે ઉત્તમ તક આપે છે. આ સ્કૂલ નારણભાઈ સવાભાઈ ચાવડા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત છે. ભાવેશભાઈ ચાવડા કે જેવો આ શાળાના ચેરમેન છે તેઓને વિચાર આવ્યો કે, આદિપુર . ગાંધીધામની જનતા માટે એવી શાળા બનાવે કે જેમાં સંપૂર્ણ સુવિધાઓ સાથે સર્વોચ્ચ શિક્ષણ મળી રહે. આ પ્રકારના શિક્ષણના અભાવે અહીંની જનતાને બહાર શિક્ષણ મેળવવા જવું પડે છે. તો કચ્છની જનતાને અહીં જ સર્વોત્તમ શિક્ષણ મળી રહે તે હેતુથી તેમણે તેમના પિતાજીના નામથી નારણભાઈ સવાભાઈ ચાવડા એજ્યુકેશન ગેરિટેબલ ટ્રસ્ટ બનાવ્યું જે 'અંતર્ગત જી. ડી.ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીધામની સ્થાપના કરવામાં આવી. આ ભારતની સર્વોત્તમ સ્કૂલ છે કે જે ૨૯ વર્ષથી એજ્યુકેશન ફિલ્ડમાં છે તેમજ વિવિધ પદેશોમાં કુલ મળીને ૧૩૨થી પણ વધુ સ્કૂલો ધરાવે છે. જે ૭.૫ એકર વિશાળ સ્કુલ કેમ્પસ ધરાવે છે, જેમાં વ્યવસ્થાપન તરીકે ભાવેશભાઈ ચાવડા કાર્ય કરી રહ્યા છે તેમજ શાળાના ડાયરેક્ટર તરીકે શંભુભાઈ હુંબલ પણ તેમની સાથે કાર્યરત છે કે જેઓ શાળા પ્રોજેક્ટ હેન્ડલ કરી રહ્યા છે.જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલનો મુખ્ય ઉદ્દેશ સર્વોચ્ચ મૂલ્યો અને બહુવિધ ક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓને ઉછેરવાનો છે. પાડવાનું છે કે જે દરેક બાળકને એક અનન્ય વ્યક્તિ, ઉત્તમ ચરિત્રનિર્માણ અને વિનમ નિષ્ણાતો બનવા માટે વિકસિત કરે છે.શાળા મકાન તેમજ વર્ગખંડો પણ ખાસ પ્રકારની આકર્ષક ડિઝાઈન સાથે તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ૧૨૫ સ્માર્ટ બોર્ડ સાથે વાતાનુકુલિત જગ્યા ધરાવતા આકર્ષક વર્ગરૂમનો સમાવેશ થાય છે. આ સાથે કોમ્પ્યૂટર લેબ, કમ્પોઝિટ લેબોરેટરી, કોષ્ટક કમ્પ ોઝિટ લેબોરેટરી, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાન માટે સંયુક્ત લેબની સાથે અલગ યોગા રૂમધ્યાન માટે વિશેષ વ્યવસ્થા, યોગ, ડાન્સ અને મ્યુઝિક ક રૂમ, ક્લાસિકલ અને વેસ્ટર્ન માટે અલગ રૂમ, આ સાથે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓલિમ્પિક્સ સ્વિમિંગ પૂલ અને અન્ય વિવિધ રમતો સાથે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની પણ સુવિધાઓ ધરાવે છે. તેમજ આ અંગેના નિયમિત તાલીમ મેળવવાં માટેના સાધનો પણ ઉપલબ્ધ છે. આ સહિત ટ્રાન્સપોર્ટ સુવિધા, બસ જંક્શન, જી.પી.એસ. ટ્રેકિંગ સિસ્ટમ સાથે વાતાનુકુલિત છઝ્ઝ ડીલક્સ બસો, તેમજ સંભાળ રાખનાર ફેકલ્ટીઝ પણ ઉપલબ્ધ છે.આ શાળા શિક્ષણના ક્ષેત્રમાં ૨૯ વર્ષોની શ્રેષ્ઠતા ધરાવે છે. અભ્યાસક્રમ ની દ્રષ્ટિએ જોઈએ તો તમામ જી.ડી . ગોએન્કા શાળાઓ CBSE અભ્યાસક્રમને અનુસરે છે. આ શાળાની (ખારા વિશેષતા એ છે કે તેમાં મૂલ્યાંકનની પદ્ધતિ CBSE એટલે કે સતત અને વ્યાપક મૂલ્યાંકન સાથે મુખ્ય વિષયોઃ અંગ્રેજી, EVS, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન તેમજ ભાષા વિષયોઃ હિન્દી, ગુજરાતી, સંસ્કૃત વિશેષમાં વિદેશી ભાષાઓઃ ફ્રેન્ચ અને સ્પેનિશ તેમજ અભ્યાસ સાથે સહ- અભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે સંગીત અને નૃત્ય, ડ્રાયા અને થિયેટર, કલા અને હસ્તકલાનો પણ સમાવેશ થાયછે. આ ઉપરાંત આઉટડોર સ્પોર્ટ્સ સુવિધાઓ, સ્વિમિંગ, બાસ્કેટબોલ, ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ. લોન ટેનિસ, સ્કેટિંગ તેમજ ઈન્ડોર સ્પોર્ટ્સ સુવિધા જેવી કે શૂટિંગ રેન્જ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કેરમ, ચેસ, યોગા, એરોબિક્સ વગેરે આ સાથે કાઉન્સિલિંગ તેમજ મેડિકલ રૂમ પણ રાખવામાં આવેલ છે. એડમિનિસ્ટ્રેટર-હેડ ઓપરેશન્સ તરીકે હિતેશ રામદાસાણી કે જેઓ ૧૯થી પણ વધુ વર્ષનો અનુભવ ધરાવે છે.ગાંધીધામમાં જી.ડી.ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ, જે એક વિશાળ અને આકર્ષક ઈમારત ધરાવે છે, જે તેમના બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળશિક્ષણ કાર્યક્રમમાં દાખલ કરવા માગતા માતા- પિતા માટે એક ઉત્તમ તક સમાન છે. વિશાળ અને આકર્ષક ઈમારત બાળકોને અન્વેષણ કરવા, રમવા અને વિવિધ શીખવાની પ્રવૃત્તિઓમાં જોડાવા માટે તેમના શારીરિક, ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે પૂરતી જગ્યા પૂરી પાડે છે. ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણ, સર્વગ્રાહી વિકાસ, સામુદાયિક જોડાણ તેમજ બાળકોની વિકાસયાત્રા માટે ગાંધીધામની જી.ડી.ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ ઉત્તમ તક સમાન છે.

## વિદ્યાર્થીઓની કારકિદી અને જીવનને શ્રેષ્ઠ બનાવવા શિક્ષકનો સૌથી મોટો ફાળો

# "તેજસ્વી બાળક, તેજસ્વી ભારત" ના મંત્રને સાર્થક કરતી ગાંધીધામની આત્મીય વિદ્યાપીઠ




ગાંધીધામ : આત્મીય વિદ્યાપીઠ શાળા સ્વામી હરિપ્રસાદ સ્વામી (વડોદરા)ના આશીર્વાદ અને પ્રેરણાથી કાર્યરત છે. સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા અને સ્થાપનાકર્તા સ્વ. વિનોદ ચાવડા અને હેમંત કાછડિયાની ઉચ્ચ કેળવણીકારોમાં આગવી ઓળખ છે. બાળકો અને શિક્ષકોને આવશ્યક કાઉન્સેલિંગ, સમસ્યાઓનું સમાધાન, શ્રેષ્ઠ પુસ્તકોનું ચયન, શ્રેષ્ઠ શૈક્ષણિક રીતો, શિક્ષકોમાં અને બાળકોમાં ઉત્સાહ વધારવાનું કાર્ય, શાળા સંચાલકો હેમંત કાછડિયા, માયાબેન ચાવડા અને ડૉ. પૂર્વિ ચાવડા સમગ્ર આત્મીય પરિવાર માટે પ્રેરણા સ્વરૂપ છે. શાળાના વાઈસ પ્રિન્સિપાલ શ્રીવિદ્યા બૈજુ શાળામાં સર્જનાત્મકતા અને કલ્પનાશીલતા ખિલવવા સતત સજાગ છે.શૈક્ષણિક ક્ષેત્રે શાળાના વિજ્ઞાન પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહ અનેક વિદ્યાર્થી અને રાષ્ટ્ર નામાંકિત યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા, તેમના ઉજ્જવળ કારકિર્દી સુનિશ્ચિત થઈ છે. ઝછ ઈન્ટરની પરીક્ષામાં નવેમ્બર ૨૦૨૦માં યોજાયેલી પરીક્ષા શાળા બેચ ૨૦૧૮-૧૯ના વિદ્યાર્થી ઓલ ઈન્ડિયા રેક્ક મેળવીને વાલીઓ અને તમામ શિક્ષકોનું માન વધાર્યું હતું. એસ.જી.એફ. આઈ. સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા શાળા ફૂટબોલની ટીમ અંડર - ૧૭માં આખા જિલ્લામાં પ્રથમ આવી હતી. રાજ્ય કક્ષામાં ૭ ખેલાડીઓનું ચયન કરવામાં આવ્યું હતું. સુબોટો કપ - ૨૦૨૩માં શાળા ટીમ બીજું સ્થાન મેળવ્યું હતું. લોકેન્દ્ર રાજપૂત અને પ્રકાશ સુથાર ડી.એલ.એસ.એસ. માં સિલેક્શન થયું હતું. શાળા પહેલીવાર સી.બી.એસ.ઈ. ગેમ્સ ક્લસ્ટર લેવલ અંડર - ૧૯ ફૂટબોલમાં ભાગ લીધો ટીમ અને ટીમ સેમિફાઈનલ સુધી પહોંચી. નેપાળમાં યોજાયેલી યૂથ સ્પ ોર્ટ્સ ડેવલપમેન્ટ ફેસ્ટિવલ કરાટે અંડર - ૧૪માં અક્ષત શાહ, સિદ્ધાર્થ શર્મા, હર્ષ ઉપાધ્યાયે રજત ચંદ્રક મેળવ્યો હતો. બીજી બાજુ ક્રિકેટમાં અંડર - ૧૯ ટીમ રનર અપ થઈ હતી. જેમાં શ્રેયાંશ પટેલ, પાર્થસિંહ જાડેજા, મિદ્દલ ચૌધરી, દર્શન પ્રજાપતિની મુખ્ય ભૂમિકા રહી હતી.

એસ.જી.એફ.ઈ. સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા શાળા કરાટે સ્પર્ધામાં શ્રેયા ચૌધરી નોનસ્ટોપ ૧૨ રાઉન્ડ રમી બોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. અખિલ ગુજરાત કરાટે એસોસિયેશન જૂનાગઢ ખાતે રાજ્ય કક્ષા કરાટે સ્પર્ધામાં નમ ભટ્ટ. તાની ઉપ ાધ્યાય, નીર આહીર, હર્ષ ઉપ ાધ્યાયે કાંડાનું કૌવત બતાવીને ૨૭૦ સ્પર્ધકો રજત ચંદ્રક મેળવ્યા હતા.

તેજસ્વી બાળક, તેજસ્વી ભારત'' ના મંત્રને આત્મસાત થતું આ શાળામાં જોવા મળી રહ્યું છે. શાળાના એકેડેમિક્સને જે પ્રમાણે ધ્યાનમાં લઈને કામ કરવામાં આવે છે એ તો શાળાના વિવિધ પરીક્ષાઓમાં આવતા પ રિણામોથી જ ખ્યાલ આવી જાય છે. સતત ૧૫ વર્ષથી ધોરણ ૧૦ અને ૧૨માં ૧૦૦ % પરિણામ આપતી આ શાળામાં શિક્ષણ સાથે સાથે ચારિત્ર્ય ઘડતરને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે. સંચાલકોનું માનવું છે કે, ચરિત્ર ઘડતર વિના શિક્ષણ કોઈ કામનું નથી. વિદ્યાર્થીઓની કારકિર્દી અને જિંદગી શ્રેષ્ઠ બનાવવામાં શિક્ષકનો સૌથી મોટો ફાળો રહેતો હોય છે. આત્મીય પરિવારમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકો એક પરિવાર બનીને રહે છે.

## શાળાની ઈમારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાળકોના સર્વાંગી વિકાસ પર હકારાત્મક અસર પાડે છે

# જી.ડી. ગોએન્કા ટોડલર હાઉસ - ગાંધીધામએ બાળકોની સર્વાંગી વિકાસયાત્રા માટે ઉત્તમ તક



શાળાના સુસજ્જ વર્ગખંડો, ઇન્ડોર અને આઉટડોર પ્લે એરિયા બાળકોના કૌશલ્યને ઉજાગર કરે છે

ગાંધીધામ : ગાંધીધામમાં જી.ડી. ગોએન્કા ટોડલર હાઉસએ એક પ્રખ્યાત પૂર્વ શાળા છે. જે એક વિશાળ અને આકર્ષક ઇ મારત ધરાવે છે, જે તેમના બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પારંભિક બાળશિક્ષણ કાર્યક્રમમાં દાખલ કરવા માગતા માતા-પિતા માટે એક ઉત્તમ તક સમાન છે. શાળાનું પ્રભાવશાળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માત્ર દેખાવથી જ આકર્ષક નથી પણ બાળકનાં મગજને શીખવા, વિકાસ કરવા અને ખીલવવા માટે અનુકૂળ વાતાવરણ તરીકે પણ કામ કરે છે. આ વિશાળ, સુંદર જગ્યા ધરાવતી અને નયનરમ્ય આકર્ષક ઈમારતનો સૌથી નોંધપાત્ર ફાયદો એ છે કે, બાળકોના સવાંગી વિકાસ પર તેની હકારાત્મક અસર પડે છે. સંશોધન દર્શાવે છે કે સારી રીતે ડિઝાઈન કરેલી અને સૌંદર્યલક્ષી રીતે આનંદદાયક વાતાવરણ નાના બાળકોમાં જ્ઞાનાત્મક વિકાસ, સર્જનાત્મકતા અને સામાજિક ક્રિયા- પ્રતિક્રિયાઓને વધારી શકે છે.ગાંધીધામની જી.ડી. ગોએન્કા ટોડલર હાઉસની વિશાળ અને આકર્ષક ઈમારત બાળકોને અન્વેષણ કરવા, રમવા અને વિવિધ શીખવાની પ્રવૃત્તિઓમાં જોડાવા માટે તથા તેમના શારીરિક, ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે પૂરતી જગ્યા પૂરી પાડે છે. વધુમાં શાળાનું પ્રભાવશાળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ નાના બાળકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણનો અનુભવ પદાન કરવાની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. અત્યાધુનિક સુવિધાઓ, જેમ કે સુસજ્જ વર્ગખંડો, ઈન્ડોર અને આઉટડોર પ્લે એરિયા અને શીખવાના સંસાધનો એક પોત્સાહિત અને આકર્ષક વાતાવરણ બનાવે છે, જે બાળકોને સતત પ્રયત્નો અનુભવો અને પારસ્પરિક જોડાણ દ્વારા શીખવા માટે પ્રોત્સાહિત કરે છે. સુંદર, વિશાળ જગ્યા ધરાવતી ઈમારત વિવિધ પ્રકારની શીખવાની પ્રવૃત્તિઓ માટે પરવાનગી આપે છે, જેમાં સર્જનાત્મક કળા, સંવેદનાત્મક રમત અને જૂથ પ્રવૃત્તિઓ માટે સમર્પિત વિસ્તારોનો સમાવેશ થાય છે. જે બાળકોને સર્વગ્રાહી રીતે શીખવા અને વિકાસ કરવા માટે સક્ષમ બનાવે છે.તેના ભૌતિક લક્ષણો ઉપરાંત જી.ડી. ગોએન્કા ટોડલર હાઉસની વિશાળ અને આકર્ષક ઈમારત વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો વચ્ચે સમુદાય અને સંબંધની ભાવના ઊભી કરવામાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. શાળાનું આવકારદાયક અને પ્રભાવશાળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામાજિક ક્રિયા-પતિક્રિયાઓ, ઘટનાઓ અને ઉજવણીઓ માટે એક કેન્દ્ર તરીકે કામ કરે છે, જે બાળકોના શિક્ષણ અને વિકાસને ટેકો આપવા માટે પરિવારો અને શિક્ષકોને એકસાથે લાવે છે. બિલ્ડિંગનું આમંત્રિત અને સમાવિષ્ટ વાતાવરણ બાળકો અને તેમના પરિવારો માટે એકંદરે શૈક્ષણિક અનુભવને વધારે છે તેમજ સંબંધ અને જોડાણની ભાવનાને ઉત્તેજન આપે છે.તદુપરાંત ટોડલર હાઉસની વિશાળ અને નયનરમ્ય આકર્ષક ઈમારત બાળકોને શારીરિક પ્રવૃત્તિઓ, રમતગમત અને મનોરંજક રમતોમાં જોડાવાની પૂરતી તકો પૂરી પાડે છે તેમજ તેમના આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપે છે. શાળાના વિશાળ આઉટડોર પ્લે એરિયા, રમતગમતની સગવડો અને લીલી જગ્યાઓ બાળકોને તેમના કૌશલ્યો, સંકલન અને શારીરિક તંદુરસ્તીને વધારવાની, અન્વેષણ કરવાની અને વિકસાવવાની સ્વતંત્રતા આપે છે. આકર્ષક અને સારી રીતે જાળવણી કરવામાં આવેલ ઈમારત બાળકોમાં ગર્વ અને માલિકીની ભાવના પણ જગાડે છે. તેમને તેમની આસપાસના વાતાવરણની કાળજી લેવા અને તેમના ભણતરના વાતાવરણ પ્રત્યે સકારાત્મક વલણ કેળવવા પોત્સાહિત કરે છે. ટોડલર હાઉસની વિશાળ અને આકર્ષક બિલ્ડિંગ માત્ર એક નયનરમ્ય આનંદ જ નથી પણ નાના બાળકો માટે અનુકૂળ અને સમૃદ્ધ તેમજ સમગ્ર વાતાવરણ પૂરું પાડવાની શાળાની પ્રતિબદ્ધતાનો પુરાવો પણ છે. ઉચ્ચ.ગુણવત્તાવાળા શિક્ષણ, સર્વગ્રાહી વિકાસ અને સામુદાયિક જોડાણ પર મજબૂત ધ્યાન સાથે જોડાયેલું પ્રભાવશાળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જી.ડી. ગોએન્કા ટોડલર હાઉસને તેમના બાળકો માટે વિશ્વ- કક્ષાના પૂર્વ શાળાનો અનુભવ મેળવવા માગતા માતા-પિતા માટે પસંદગીની યોગ્ય તક આપે છે. તેની વિશાળ, નયનરમ્ય આકર્ષક ઈમારત સાથે, શાળાનાં બાળકો માટે જિજ્ઞાસા, શોધ, વૃદ્ધિ અને આજીવન શિક્ષણની સફર શરૂ કરવા માટે સુંદર મંચ સુયોજિત કરે છે.

# અંજારમાં શરૂ થઈ ડી.એ.વી. પબ્લિક સ્કૂલ

અંજાર : તાજેતરમાં અંજારની જનતા માટે આર્ય સમાજ ગાંધીધામ દ્વારા સંચાલિત ડી.એ.વી. પબ્લિક સ્કૂલની શરૂઆત કરવામાં આવી, જેના થકી અંજાર ના વિકાસ માં એક નવો અધ્યાય લખાયો છે. આ શાળા શહેરની વચોવચ નવી કોર્ટની પાછડ આવેલ છે. આર્ય સમાજ કે જે કચ્છ વિસ્તારમાં જન સેવાના ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી ચૂક્યો છે, તેણે અંજારના વિકાસને વેગ આપવા માટે ઓમ દયાનંદ આર્ય વૈદિક પબ્લિક સ્કૂલની શરૂઆત કરી હતી. આ શાળાને લઈને વાલીઓ માં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે આર્ય સમાજ છેલ્લા ૭૧ વર્ષ થી સતત કચ્છ વિસ્તારમાં સામાજિક સેવના ક્ષેત્રમાં કાર્ય કરી રહ્યું છે.સ્કૂલના મેનેજિંગ ડાઈરેક્ટર વાચોનિધિ આચાર્ય એ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ હતું કે આ સ્કૂલ પ્રસ્તાવિત CBSE - અંગ્રેજી માધ્યમની કો-એડ સ્કૂલ હશે. હાલે આ સ્કૂલમાં ધોરણ ૧-૬ ચાલુ કરવામાં આવ્યા છે અને ક્રમશઃ આ સ્કૂલ ને ધોરણ ૧૨ સુધી લઈ જવામાં આવશે અને ૨૫૦૦ વિદ્યાર્થી ઑનો સમાવેશ થશે. તેમણે જણાવ્યુ કે આર્ય સમાજના સંસ્થાપક દયાનંદ સરસ્વતી ની ૨૦૦મીં જયંતિની ઉજવણી નિમિતે આ સ્કૂલ ચાલુ કરવામાં આવી છે. તેમણે જણાવ્યુ કે આપણી સંસ્કૃતિને અનુરૂપ શાળા માં દિવસ ની શરૂઆત દૈનિક હવનથી કરવામાં આવશે તથા અંજારના ભૂલકાઓને નૈતિક મૂલ્યો સાથે આધુનિક ક્ષિક્ષણ આપવા માટે ઓમ દયાનંદ આર્ય વૈદિક પબ્લિક સ્કૂલની શરૂઆત કરી હતી. તેમણે જણાવ્યુ કે ૩ એકર માં ફેલાયેલ શાળા સંકૂલ આધુનિક સુવિધાઓ સાથે સજ્જ છે અને શાળાનું મકાન ભૂકંપ ક્ષેત્રને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. તેમણે જણાવ્યુ કે કોઈ પણ શહેરના વિકાસમાં આરોગ્ય અને શિક્ષણ મહત્વના માપદંડ છે, ત્યારે આ શાળા અંજાર શહેરના વિકાસને વેગ આપશે. આ પ્રસંગે અંજાર ના અગ્રણીઓ સહિત બહોડી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા. અત્રેએ નોંધવું જરૂરી છે કે આર્ય સમાજ છેલ્લા ૧૫ વર્ષ થી આદિપુર મધ્યે CBSE માન્યતા પ્રાપ્ત દયાનંદ આર્ય વૈદિક પબ્લિક સ્કૂલનું સફળ સંચાલન કરી રહ્યું છે, જેમાં અત્યારે નર્સરીથી ધોરણ ૧૨ સુધી માં ૧૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. આ પ્રસંગે સર્વ વૈભવભાઈ કોડરાણી, ડેની શાહ, ગોપાલભાઈ માતા, વસંત કોડરાણી, પંકજ કોઠારી, અભિષેકજી, ભરતભાઈ જેઠવા, પાર્થભાઈ સોરઠિયા, અશ્વિનભાઈ સોરઠિયા, એડવોકેટ સંજયભાઈ દાવડા, મનોજભાઈ અબોટિ, તેજસભાઈ મેહતા, અશોકભાઈ પલણ, શિલ્પ ાબેન બુધ્ધભટ્ટી, કિંજલબેન બુધ્ધભટ્ટી, અરજણભાઈ માતા સહિત અનેક અગ્રણીઓએ હાજર રહ્યા હતા અને પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસર પર સંકુલ ના આર્કિટેક્ટ વડોદરાના આનંદ વોરા, કોન્ટ્રાકટર વસંતભાઈ પટેલ તથા સાઈટ એંજિનિયર વિરલ પંડ્યાનું શાલ અને કચ્છી પાગડી પહરવીને સન્માન કરવામાં આવ્યું હતું.સ્કૂલ તરફથી દયાનંદ આર્ય વૈદિક પબ્લિક સ્કૂલના ચેરમેન ગુરુદુત્ત શર્મા, મેનેજિંગ ડાઈરેક્ટર વાચોનિધિ આચાર્ય, ડાઈરેક્ટર સર્વ રાકેશ અગ્રવાલ, ભીખુભાઈ અગ્રવાલ, ભારતિબેન તલેલે તથા સુમન આચાર્ય ઉપરાંત આદિપુર દયાનંદ આર્ય વૈદિક પબ્લિક સ્કૂલના CEO હેતલબેન પરમાર અને પ્રિન્સિપાલ દિગંત ધોળકિયા પણઉપસ્થિત રહ્યા હતા તથા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉપાડી હતી.

# કચ્છમાં સૌ પ્રથમ ભાષા પ્રયોગશાળા સાથેની સ્કૂલ પી.એન.અમરસી હાઈસ્કૂલ



ગાંધીધામ : કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ શહેર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં પાછલા થોડા વર્ષોમાં શૈક્ષણિક સંસ્થાઓનો સારા એવા પ્રમાણમાં વિકાસ થયો હોઈ હાલે જિલ્લાનું આ ઔદ્યોગિક પાટનગર શિક્ષણ ક્ષેત્રના હબ તરીકે પણ ઉભરી આવ્યું છે. ત્યારે ગાંધીધામ શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોમાં વિદ્યાર્થીઓના પદ્ધતિસરના ભાવી ઘડતર માટે પી.એન.અમરસી હાઈસ્કૂલનું નામ અગ્ર હરોળમાં આવે છે અને આ જ શાળાને જિલ્લામાં સૌ પ્રથમ વખત ભાષા પ્રયોગશાળા સાથેની અંગ્રેજી માધ્યમની શાળા શરૂ થવાનો શ્રેય પણ પ્રાપ્ત થાય છે.ગાંધીધામ સંકુલના બાળકોને અંગ્રેજી ભાષાના અભ્યાસ સાથેની સારી શાળા મળી રહે તે માટે શાળાના સ્થાપક ટ્રસ્ટી પી.એન.અમરસી અને મહેરબેન અમરસી દ્વારા ૧૯૮૬માં પી.એન.એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના કરાઈ હતી. પી.એન. એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૩૭ વર્ષથી સ્વનિર્ભર સંચાલીત અંગ્રેજી માધ્યમની શાળા ચલાવાઈ રહી છે. જે નર્સરીથી ધો. ૧૨ વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહની પદ્ધતિસરનું શિક્ષણ આપતી કચ્છની પ્રથમ ભાષા પ્રયોગશાળાની સ્થાપના સાથેની અંગ્રેજી માધ્યમની શાળા છે. શાળામાં વિદ્યાર્થીઓને અભ્યાસની સાથોસાથ કરાટે, આર્ચરી, સ્કાઉટ જેવી પ્રવૃ તિઓ પણ કરાવવામાં આવે છે. જેના લીધે શાળા તેમજ કચ્છનું નામ રોશન થયું હતું. તો વિદ્યાર્થીઓની એકાગ્રતામાં વધારો થાય તે માટે યોગ અને મેડીટેશન પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. શાળા દ્વારા વિદ્યાર્થીઓના કારકીર્દી ઘડતર માટે વર્ષ દરમ્યાન વિવિધ સેમિનારો તેમજ વર્કશોપનું આયોજન કરાતું રહેતું હોય છે. તો વિદ્યાર્થીઓ આધુનિક શિક્ષણ મેળવી શકે તે માટે શાળામાં વિજ્ઞાન મેળાઓ યોજવાની સાથોસાથ શાળા સંકુલમાં કોમ્પ્યુટર લેબ, વાઈફાઈ કનેકટીવીટીની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. શાળા દ્વારા બાળકોને રમતમાં વિશેષ પ્રોત્સાહન અને કોચીંગ આપવાના કારણે બાળકો ક્રિકેટ, ફુટબોલ અને અન્ય રમતોમાં પણ જિલ્લા અને રાજ્ય સ્તરે નામના મેળવી રહ્યા છે.




# અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં શ્રેષ્ઠ શિક્ષણ માટે ગાંધીધામની આનંદ માર્ગ હાઈસ્કૂલ વાલીઓની પ્રથમ પસંદગી

ગાંધીધામ : શહેરના રામબાગ રોડ પર આવેલી આનંદ માર્ગ હાઈસ્કૂલમાં અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ગુણવતાસભર શિક્ષણ આપવામાં આવે છે. નર્સરી, એલકેજી, યુકેજી, ઉપરાંત ધો. ૧ થી ૧૦ સુધી બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા જ્ઞાન પીરસવામાં આવે છે. શિક્ષણ ઉપરાંત છાત્રોના સર્વાંગી વિકાસ માટે સાંસ્કૃતિક અને ખેલકુદની ઈતર પ્રવૃતિઓ પણ સમયાંતરે યોજાતી હોય છે. શાળામાં અભ્યાસ કરતા છાત્રો માટે ટ્રાન્સપોર્ટેશનની પણ સુવિધા શાળા દ્વારા પુરી પાડવામાં આવે છે. આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શાળાના અદ્યતન સંકુલમાં છાત્રોની સુરક્ષા માટે ખાસ તકેદારી રાખવામાં આવે છે. શાળામાં પોતાના સંતાનોને પ્રવેશ અપાવવા ઈચ્છુક વાલીઓ મોબાઈલ નંબર ૯૪૨૭૨ ૭૪૫૪૩ પર સંપર્ક કરી શકશે.



# EVM અને VVPATની કાર્યદક્ષતા સમજાવવા ચૂંટણી પંચને સમન્સ

નવી દિલ્હી : ચૂંટણીમાં વોટિંગ માટે ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વોટિંગ કન્ફર્મ કરવા માટે મેળવેલી VVPAT સ્લિપને લઈને સુપ્રીમ કોર્ટ આજે મહત્વનો નિર્ણય આપી શકે છે. કોર્ટે આજે બપોરે ૨ વાગ્યે ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીને સમન્સ પાઠવ્યા છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટની બેન્ચ ઈફસ અને VVPATને લગતા કેટલાક પ્રશ્નો પૂછશે. ખાસ કરીને ઈવીએમમાં લગાવવામાં આવેલા માઈક્રો કંટ્રોલરની કાર્ય પ્રક્રિયા વિશે ન્યાયાધીશ સમજશે. આ સિવાય જજ EVM અને VVPATની સુરક્ષા સાથે જોડાયેલા કેટલાક પ્રશ્નો પણ પૂછી શકે છે. એક મહત્વપૂર્ણ પ્રશ્ન જે ન્યાયાધીશ પણ પૂછવા જઈ રહ્યા છે તે એ છે કે ઈવીએમ મશીનો કેટલા સમય સુધી રાખી શકાય. બેન્ચમાં સામેલ જસ્ટિસ સંજીવ ખન્નાએ સવાલ પૂછ્યો છે કે, 'માઈક્રો કંટ્રોલરનું કન્ટ્રોલ યુનિટમાં ઈન્સ્ટોલ કર્યા છે કે પછી ફફછ્માં લગાવવામાં આવ્યા છે. અમે ફક્ત એટલું જ જાણીએ છીએ કે તે કંટ્રોલ યુનિટમાં જ ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે, પરંતુ ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલા FAQs મુજબ, તે VVPATમાં ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ સિવાય બેંચ તરફથી એક સવાલ એ છે કે શું આ માઈક્રો કંટ્રોલર્સને માત્ર એક જ વાર પ્રોગ્રામ કરવામાં આવે છે કે પછી તેમાં ફેરફાર કરી શકાય છે. જણાવી દઈએ કે EVM અને VVPATને લઈને દાખલ અરજીઓ પર ઘણા દિવસો સુધી લાંબી સુનાવણી ચાલી. આ પછી કોર્ટે બુધવાર સુધી નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન એક રસપ્રદ ચર્ચા થઈ હતી, જેમાં વકીલ પ્રશાંત ભૂષણે બેલેટ પેપરથી જ ચૂંટણી કરાવવાની માંગ કરી હતી. તેના પર ખંડપીઠે કહ્યું હતું કે અમે બેલેટ પેપર વિશે પણ જાણીએ છીએ, અમે તે સમયગાળા દરમિયાનની સ્થિતિ જાણીએ છીએ જ્યારે તેના દ્વારા ચૂંટણી યોજાઈ હતી. બેન્ચે કહ્યું હતું કે ઓછી વસ્તીવાળા દેશોમાં આવું થઈ શકે છે, પરંતુ ભારત જેવા દેશમાં આ શક્ય નથી.

# રામ મંદિર નિર્માણની ગતિ તેજ બની :હવે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવા માટે રોજ ચાર હજાર મજૂરો કામ કરશે

(એજન્સી દ્વારા)

અયોધ્યા : અયોધ્યામાં રામ મંદિર ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા મંદિર પ્રશાસને વધારાના ૫૦૦ મજૂરોની સંખ્યામાં વધારો કર્યો છે. હવે દરરોજ ચાર હજાર મજૂરો કરશે રામ મંદિર નિર્માણની ઝડપ. મંદિર સહિત અન્ય અનેક પ્રોજેક્ટ પર એક સાથે કામ ચાલી રહ્યું છે. ૧૬૧ ફૂટ ઊંચા રામ મંદિરનું નિર્માણ કાર્ય ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. તેને ધ્યાનમાં રાખીને મજૂરોની સંખ્યા ૩૫૦૦ થી વધારીને ચાર હજાર કરવામાં આવી છે. રામ મંદિરના બીજા માળ અને શિખરના નિર્માણની ગતિ વધારી દેવામાં આવી છે.

# મોદી પહેલા પ્રિયંકા વાડ્રા આવશે ગુજરાત

(એજન્સી દ્વારા)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભા ચૂંટણીની આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે. જેથી ગુજરાતના મતદાતાઓને પોતાની બાજુ લેવા માટે ભાજપ અને કોંગ્રેસનો પૂરજોશમાં પ્રચાર ચાલી રહ્યો છે. જેમાં રોજ નવા વિવાદો અને ઘમાસાણ સામે આવી રહ્યા છે. જેમ જેમ મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે. તેમ તેમ ગુજરાતના રાજકારણમાં ગરમાવો પણ વધી રહ્યો છે. તો વડાપ્રધાન મોદી પણ પ્રચાર માટે ગુજરાતમાં આવવાના છે.

નોંધનીય છે કે, ગુજરાતની ૨૫ બેઠકો પર ૨૬૬ ઉમેદવારો મેદાનમાં છે. ૫ બેઠકની પેટાચૂંટણી માટે કુલ ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પર સૌથી વધુ ૧૮ ઉમેદવારો, જ્યારે બારડોલી લોકસભા બેઠક પર સૌથી ઓછા ૩ ઉમેદવારો મેદાનમાં છે. તો પેટાચૂંટણીમાં સૌથી વધુ વિજાપુર બેઠક પર ૮ ઉમેદવારો અને વાઘોડિયા બેઠક પર સૌથી ઓછા ૨ ઉમેદવારો મેદાનમાં છે.

જ્યારે લોકસભાની એક બેઠક બિનહરીફ જાહેર થઈ છે. મતદાન પહેલા જ સુરત બેઠક પરના ભાજપના ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા છે.

અગાઉ લોકસભાની ૨૬ બેઠકો પર કુલ ૪૩૩ ફોર્મ ભરાયા હતા અને ચકાસણી બાદ ૩૨૮ ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે ગઈકાલે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કુલ ૬૨ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા. આમ હવે લોકસભાની ૨૫ બેઠકો પર ૨૬૬ ઉમેદવારો મેદાનમાં છે.

# વધતી ગરમીની સાથે ઉમેદવારોની પ્રચાર પદ્ધતિ પણ બદલાઈ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : દેશમાં લોકસભાની ચૂંટણી થઈ રહી છે. આકરી ગરમીને કારણે પ્રથમ તબક્કામાં મતદાન ઘટ્યું છે તે ચિંતાની બાબત બની રહી છે. બીજા તબક્કામાં ગરમી ઓછી રહેશે તેવા હવામાન ખાતાના અનુમાને રાહત દર્શાવી છે. પરંતુ મુશ્કેલી તો રહેવાની જ. ગુજરાતના કચ્છ લોકસભા સીટ હોય કે રાજસ્થાનના બાડમેર-જેસલમેરની બેઠક હોય, અહીં ગરમીનો પ્રકોપને કારણે સ્થિતિ વણસવાની જ છે. ઓડિશા સહિત પૂર્વ ભારત અને દક્ષિણ ભારતમાં આકરી ગરમી પડી રહી છે. મહારાષ્ટ્રમાં પણ આકરી ગરમી પડી રહી છે. જોકે ઉમેદવારોને પ્રચાર કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. જોકે મોસમની બદલાતી સ્થિતિની સાથે જ અનેક ઉમેદવારો અને તેમના કાર્યકરોએ પ્રચારની ટાઈમિંગ અને સિસ્ટમ બદલી છે. કેટલાક ઉમેદવારો અને કાર્યકરોએ પોતાની સાથે ડોક્ટર, પેરામેડિકલ સ્ટાફ ઉપરાંત ગરમી અને લૂથી બચવાના તમામ ઉપાય સાથે લઈને ચાલી રહ્યા છે. જોકે તેમ છતાં રેલીઓ અને સભાઓમાં ઉમેદવારોથી માંડીને કાર્યકરોને બેભાન થવાનો સિલસિલો જારી રહ્યો છે.

લોકસભાની ચૂંટણી દરમિયાન લૂ ચાલશે અને અતિશય ગરમી હશે તેની ચેતવણી તો મોસમ વિભાગે અગાઉ જ આપી દીધી હતી. હવામાન વિભાગની આ ચેતવણી પછી ચૂંટણી પંચે એલર્ટ જ જારી ન કર્યું, પરંતુ તેણે ગરમીમાં બચાવ માટે તમામ દિશા નિર્દેશ પણ આપ્યા છે. વધતા તાપમાનને કારણે ઉમેદવારો અને કાર્યકરો બેભાન થવા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ડોક્ટરોએ બેભાન થવાનું કારણ ગરમી જ બતાવ્યું છે. મધ્યપ્રદેશ, ઓડિશાની જેમ પુડુચેરીમાં કોંગ્રેસના હાલના સાંસદ વી. વૈથિલિંગમ પણ બેભાન થઈને પડી ગયા હતા. નેતાઓ જ નહિ ચૂંટણી અધિકારીઓ પણ ગરમીથી પરેશાન છે. ઝારખંડના ગિરીડીહમાં તાલીમના ભાગ બનેલી મહિલા અધિકારી બેભાન થઈને પડી ગયા હતા. મહારાષ્ટ્રના વર્ધામાં ચૂંટણી લડનાર કર્મચારીઓની તાલીમમાં પણ બે શિક્ષકો બેભાન થવાની ઘટના પણ બની છે.

# સુરતના કોંગ્રેસી ઉમેદવાર કુંભાણીની મુશ્કેલી વધી, ચૂંટણીપંચ કરશે તપાસ, સજાની શું છે જોગવાઈ?

(પ્રતિનિધિ દ્વારા)

સુરત : સુરત લોકસભામાં રચાયેલા હાઈવોલ્ટેજ ડ્રામામાં કોંગ્રેસ ના ઉમેદવારે જે સમર્થકો પાસે ખોટી સહીઓ કરાવી છે તે તપાસનો વિષય બન્યો છે. આ એક ગંભીર પ્રકારનો ગુનો છે. જો ચૂંટણી પંચ (Election Commission) કોઈ પગલાં લેશે તો કોંગ્રેસના પૂર્વ ઉમેદવારને હવે નવી મુશ્કેલીનો સામનો કરવો પડશે.

નામાંકન પત્રમાં કરેલી સહીઓ જો ખોટી હોય તો કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી સામે પગલાં કેમ નહીં તેવા એક સવાલના જવાબમાં રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ કહ્યું હતું કે કોંગ્રેસના ઉમેદવાર અને ડમી ઉમેદવારનું ફોર્મ સમર્થકોની ખોટી સહીના કારણે રદ થયું હતું તે નિયમસરની પ્રક્રિયા છે પરંતુ ઉમેદવારે કરાવેલી ખોટી સહીઓ તપાસના દાયદામાં આવી શકે તેમ છે.

તેમણે કહ્યું હતું કે ખોટી સહીઓ બાબતે સુરત જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી પાસેથી અમે ડિટેઈલ રિપોર્ટ મંગાવવાના છીએ અને તપાસના અંગે કસૂરવાર હશે તો પગલાં પણ લેવાશે. ચૂંટણી પંચ ત્યારે જ પગલાં લઈ શકે છે જ્યારે રીપોર્ટ મળે પરંતુ ખોટી સહીઓ એ ઈન્વેસ્ટીગેશનનો મુદ્દો તો છે. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને સાંસદનું સર્ટિફિકેટ આપતાં પહેલાં ચૂંટણી પંચ રિપોર્ટ મંગાવી શક્યું હોત? પરંતુ આટલો મોડો રિપોર્ટ મંગાવવાનું કારણ શું છે તેવા સવાલના જવાબમાં પંચ પાસે યોગ્ય જવાબ ન હતો.

# ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં આ વખતે સૌથી ઓછાં અપક્ષ ઉમેદવારો લોકસભા ચૂંટણી મેદાને

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં આ વખતે કુલ ૨૬૬ ઉમેદવારો વચ્ચે જંગ જામશે અને તેમાં ૧૧૮ અપક્ષ ઉમેદવાર (Independent Candidates)નો પણ સમાવેશ થાય છે. ૨૦૦૪ બાદ લોકસભાની ચૂંટણીમાં સૌથી ઓછા અપક્ષ ઉમેદવાર જોવા મળશે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગર બેઠકમાંથી સૌથી વધુ ૯ ગાંધીનગર-અમદાવાદ પૂર્વ-ભરૂચમાં ૮, સાબરકાંઠા - સુરેન્દ્રનગરમાં ૭, બનાસકાંઠા-રાજકોટ-જૂનાગઢમાં ૬, પાટણ-વડોદરામાં ૫, પોરબંદર-અમરેલી- ભાવનગર-પંચમહાલ-દાહોદ- નવસારીમાં ૪, કચ્છ-ખેડા બેઠકમાંથી ૩, આણંદ-વલસાડમાં ૨, મહેસાણા-છોટા ઉદેપુરમાં અપક્ષ ઉમેદવારને સમાવેશ થાય છે.

અમદાવાદ પશ્ચિમમાંથી એક પણ અપક્ષ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યો નથી. લોકસભાની છેલ્લી ૧૦ ચૂંટણી જોવામાં આવે તો ૧૯૯૮માં સૌથી ઓછા ૩૦ અને ૧૯૯૧માં સૌથી વધુ ૨૫૮ અપક્ષ ઉમેદવારો હતા. ૧૯૬૨થી ૨૦૧૯ સુધી ગુજરાતમાં ૧૯૨૫ અપક્ષ ઉમેદવારો પોતાનું નસિબ અજમાવી ચૂક્યા છે. આ પૈકી પ્રત્યેક ચૂંટણીમાં એકલ-દોકલને બાદ કરતાં મોટાભાગના અપક્ષ ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ જ થયેલી છે.

# 'કાયમી નથી રહેવાનું તમારા આકાઓનું રાજ'

ગાંધીનગર : લોકસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે. એક તરફ આકરો ઉનાળો અને તેનો તાપ, તો બીજી તરફ ચૂંટણીના માહોલમાં રાજકીય ગરમાગરમીએ વધારી દીધું છે ગુજરાતનું તાપમાન. એક બાદ એક ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ગુજરાત પોલીસ પર સાધી રહ્યાં છે નિશાન. પોલીસ તંત્રની કામગીરી પર કોંગ્રેસના નેતાઓને નથી રહ્યો ભરોસો.બનાસકાંઠાથી કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે જાહેરમાં ગુજરાત પોલીસને આપી ચીમકી. ગેનીબેન ઠાકેરે જણાવ્યુંકે, તમે જેવા છો એવા થતાં અમને વાર નહીં લાગે. કોંગ્રેસના આગેવાનોને ધાકધમકી આપવાની કોઈ જરૂર નથી, પોલીસનું કામ નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું છે. બનાસકાંઠાથી કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ફરીથી પોલીસને આપી ગર્ભિત ધમકી. પોલીસ કોંગ્રેસના આગેવાનોના નંબરો લેવા લોકોને ફોન કરી રહી છે તો જેના ઉપર પોલીસના ફોન આવે એ નંબરો રાખજો. હું પોલીસને કહું છું કે તમારું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું છે.

તમારી સામે કોઈ ફરિયાદ કરે તો તેની સામે એક્શન શું લેવા એ તમારી જવાબદારી છે. કોઈ કોંગ્રેસના આગેવાનોના ફોન લઈને એનું કલેક્શન કરવાની અને ધાક ધમકી આપવાની જરૂર તમારે નથી. અમારા મતદારો બેઠા છે તમને કહું છું ૧૦ કે ૧૫ ફરિયાદો થાય તો તૈયારી રાખજો. એમાં કોઈ થવાનું નથી. જો પોલીસવાળા ગામમાં આવીને દમ દાટી આપતા હોય તો એમને કહેજો આ તમારા આકાઓનું રાજ કાયમી રહેવાનું નથી. કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે પોલીસ પર આકરા પ્રહાર કરતા વધુમાં જણાવ્યુંકે, ૮મી તારીખ સુધી તમને સારી જગ્યાએ નોકરીએ મુકવાની વાત કરશે, તમને ફુલાવશે. પણ નોકરી તમારે ૫૮ વર્ષ સુધી કરવાની છે. તમને પગાર કોઈ ભાજપ નથી આપતી તમને પ્રજાના પરસેવાનો પગાર મળે છે લોકોના ટેક્ષના પૈસાનો પગાર મળે છે.

# સુનાવણીમાં વિલંબ એ ગંભીર ગુનામાં જામીનનું કારણ ના બને

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોમ્બે હાઈકોર્ટે ૧૫ વર્ષની બાળકી પર સામૂહિક દુષ્કર્મના આરોપમાં ધરપકડ કરાયેલા અને લાંબા સમય સુધી જેલમાં રહેલા આરોપીને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે ટિપ્પણી કરી હતી કે ગંભીર ગુનાઓની સુનાવણીમાં વિલંબ થવો એ જામીન આપવા માટે આધાર બની શકે નહીં. જસ્ટિસ માધવ જામદારની સિંગલ બેન્ચે તેના તાજેતરના આદેશમાં જણાવ્યું હતું કે આરોપી ગંભીર ગુનાનો આરોપી છે. તેથી લાંબા સમય સુધી જેલમાં રહેવાના આધારે જામીન આપવાનો કોઈ કેસ બની જતો નથી. આ સાથે હાઈકોર્ટે સેશન્સ કોર્ટને આ કેસની સુનાવણી નવ મહિનામાં પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આરોપી સોમનાથ ગાયકવાડના વકીલ સના રઈસ ખાને દલીલ કરી હતી કે ઓક્ટોબર ૨૦૨૦માં તેની ધરપકડ થઈ ત્યારથી તે જેલમાં છે અને કેસમાં કોઈ પ્રગતિ થઈ નથી. તેમણે કહ્યું હતું કે હજુ સુધી આરોપીઓ સામે આરોપ ઘડવામાં આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે પુણે પોલીસે ઓક્ટોબર ૨૦૨૦માં ૧૫ વર્ષની છોકરી પર સામૂહિક દુષ્કર્મના કેસમાં ગાયકવાડ વિરુદ્ધ FIR નોંધી હતી. હાઈકોર્ટે પણ પોતાના આદેશમાં કહ્યું હતું કે આ ખૂબ જ ગંભીર મામલો છે. આ ઘટના જ્યારે બની હતી ત્યારે પીડિતાની ઉંમર માત્ર ૧૫ વર્ષની હતી અને ત્યારથી આરોપી જેલમાં છે.

**ભુજની જમીન પહેલાથી ચર્ચામાં હતી... તે દરમ્યાન**

# ભુજમાં જમીન મામલે લંડન સ્થિત કચ્છી મહિલા સામે ફોજદારી નોંધાઈ

**સર્વે નંબર ૧૮૬ની જમીનમાં વાંધો છતાં કલેકટરે રહેણાક માટે એનએ કરી આપી અને હાલમાં પ્લોટ પાડવાનું શરૂ કરાયું ત્યાં નવો વળાંક સામે આવ્યો : આરોપીનો જમીનમાં કોઈ હક્ક ન હોવા છતાં ખોટું પાવરનામુ બનાવી છેતરપિંડી કરી હોવાની રાવ**

ભુજ : છેલ્લા કેટલાક સમયથી ભુજમાં જમીન મામલે નવા વળાંકો સામે આવી રહ્યા છે. પૂર્વ કલેકટર પ્રદિપ શર્મા સામે જુના કેસોમાં ફોજદારી દાખલ થઈ રહી છે તેવામાં સર્વે નં. ૧૮૬ની જમીન મામલે લંડન સ્થિત કચ્છી મહિલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ભુજની હોટલ અંજલિ પેલેસના માલિક જગદીશભાઈ ઠક્કરે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી મૂળ મિરજાપરના હાલે લંડનમાં રહેતા વેલબાઈ ખીમજી હિરાણીએ જમીનમાં પોતાના હક્કના ૧૧ લાખ મૂળ માલિક ઘનશ્યામભાઈ કુંવરજી હિરાણી પાસેથી મેળવી લીધા હોઈ જમીનમાં તેમનો કોઈ હક્ક નથી તેમ છતાં ફરિયાદી અને સાહેદ પાસેથી વધુ આર્થિક નાણાંકીય લાભ મેળવવા તેમજ ફરિયાદીની જમીનમાં પાડેલા પ્લોટ કોઈ ખરીદે નહીં અને આર્થિક નુકશાન થાય તે માટે ખોટી હકિકત દર્શાવતું ખોટું પાવરનામુ બનાવી પાવરદાર ધર્મેન્દ્રસિંહ ઝાલાએ વેલબાઈના કહેવાથી જમીન બાબતે અખબારોમાં નોટીસો આપી અલગ અલગ જગ્યાએ તથા ભુજ સિવિલ કોર્ટમાં ખોટા દાવા કરી ફરિયાદી અને જમીનના મૂળ માલિક ઘનશ્યામભાઈ કુંવરજી હિરાણી સાથે વિશ્વાસઘાત કરતાં એ ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મહત્વનું છે કે, જગદીશભાઈએ ગત તા. ૨૯-૪-૨૦૧૯ના સર્વે નં. ૧૮૬ની ૬ હેકટર જમીન વેલબાઈના ભત્રીજા ઘનશ્યામ અને ધનજી માવજી વરસાણી પાસેથી ૭૦ લાખમાં ખરીદી હતી. દેવીકા પરસોત્તમ વ્યાસ સાથે ભાગીદારીમાં આ જમીન લેવામાં આવી છે. વેલબાઈના પાવરદાર ધર્મેન્દ્રસિંહે આ જમીન વાદગ્રસ્ત હોવાથી કોઈએ ખરીદવી નહીં તેવી નોટીસો અખબારોમાં આપી હતી. ૨૦૨૦માં કલેકટરના હુકમથી રહેણાક હેતુ માટે જમીન બીનખેતી થઈ અને પ્લોટ પાડવાનું શરૂ કરાયું આ મામલે હાઈકોર્ટમાં રીવ્યુ પીટીસન દાખલ થઈ, બાદમાં માર્ચ ૨૦૨૪માં પરત ખેંચી લેવાઈ, મહેસુલ વિભાગના વિવાદ સચિવ સમક્ષ થયેલી અરજી પણ સચિવે નામંજૂર કરી છે. ભુજ કોર્ટમાં કેસ ચાલુ છે. ત્યારે આ કેસમાં ફરિયાદ બાદ આગામી સમયમાં કયો ઘટનાક્રમ આવે છે તે સમય બતાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી આ જમીન મુદ્દે ચર્ચામાં જ રહ્યા હતો. અગાઉ એવી પણ ચર્ચા હતી કે, અહીં તળાવ હતો તો રસ્તા સહિતના મુદ્દા ચર્ચામાં આવ્યા હતા. તો બીજી તરફ મીરજાપર ગામમાં ગૌચર જમીન મોટો વિસ્તાર આવેલો છે ત્યાં પણ દબાણ મોટા પ્રમાણ થયો છે. હાલ મિરઝાપર ગામના કેટલાક સર્વે નંબરો ડીએલઆર ચોપડે અલગ બતાવે છે અને સ્થળ પર કંઈ અલગ છે.

# ગુજરાતમાં જ નહીં, પશ્ચિમ બંગાળમાં પણ ખેલ

## કોંગ્રેસ નેતાએ ભાજપનો પ્રચાર કર્યો

દાર્જિલિંગ : લોકસભા ચૂંટણીમાં પણ ઘણી રસપ્રદ ઘટનાઓ જોવા મળી રહી છે. આ શ્રેણીમાં, પશ્ચિમ બંગાળથી એક રસપ્રદ ઘટના પ્રકાશમાં આવી છે જ્યાં કોંગ્રેસના પ્રદેશ મહાસચિવ અને ગોરખા નેતા વિનોય તમંગે ભાજપ માટે વોટ માંગ્યા હતા. આ પછી શું થયું તે દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

વાસ્તવમાં એવું થયું કે કોંગ્રેસે મંગળવારે પાર્ટીના પશ્ચિમ બંગાળ એકમના જનરલ સેક્રેટરી વિનય તમંગને 'પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ'ને કારણે છ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢ્યા.

ગોરખા નેતાએ ભાજપના દાર્જિલિંગ લોકસભા સીટના ઉમેદવાર રાજુ બિસ્તાને સમર્થન આપ્યાના કલાકો બાદ કોંગ્રેસે આ પગલું ભર્યું હતું.

કોંગ્રેસના નેતા બિનોય તમંગે મંગળવારે કહ્યું હતું કે, તેઓ ચૂંટણીમાં દાર્જિલિંગ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રાજુ બિસ્તાને સમર્થન કરશે અને પહાડી વિસ્તારના લોકોને પણ ભાજપના ઉમેદવારને મત આપવા વિનંતી કરશે. પશ્ચિમ બંગાળ પ્રદેશ કોંગ્રેસના મહાસચિવ તમંગે કહ્યું કે તેમણે આ નિર્ણય 'તમામ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક વિચારણા અને સમજણ પછી' લીધો છે.તેમણે કહ્યું કે હું હજુ પણ કોંગ્રેસ સાથે છું. પરંતુ અહીં ભાજપ જીતશે. અમે તેને અહીં અનુભવી શકીએ છીએ. અમે મુનીશ તમંગને સમર્થન આપતા નથી કારણ કે આ સંબંધમાં કોંગ્રેસના કોઈ નેતાની સલાહ લેવામાં આવી ન હતી.તમંગે કહ્યું કે કોંગ્રેસમાંથી તેમની હકાલપટ્ટી એ 'ગોરખાની જીત' છે અને તેઓ તેને વધારે મહત્વ આપતા નથી. કોંગ્રેસમાંથી મારી હકાલપટ્ટી એ ગોરખાની જીત અને સૌથી જૂની પાર્ટીની હાર છે.

દરમિયાન કોંગ્રેસના નેતા અને પૂર્વ ધારાસભ્ય મનોજ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે વિનય તમંગને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ માટે સંગઠનમાંથી છ વર્ષ માટે હાંકી કાઢવામાં આવ્યો છે અને આ તાત્કાલિક અસરથી અમલી બન્યો છે. દાર્જિલિંગમાં ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે.

# ભત્રીજા અભિષેકની હત્યાના પ્રયાસો થઈ રહ્યા છે :ભાજપ પર મમતા બેનર્જીનો મોટો આરોપ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે.ચૂંટણી રેલી દરમિયાન મમતાએ સવાલ કર્યો હતો કે જો ભાજપને ચૂંટણી જીતવાનો વિશ્વાસ છે તો તે વિપક્ષના નેતાઓને શા માટે ધમકાવી રહી છે.લોકસભા ચૂંટણીને લઈને રાજનીતિ જોરશોરથી ચાલી રહી છે.આ દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે.મંગળવારે મમતાએ કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી તેની વિરુદ્ધ બોલી રહેલા લોકોને મારી નાખવા અથવા જેલમાં ધકેલી દેવાનો પ્રયાસ કરી રહી છે.બીરભૂમથી તૃણમૂલ કોંગ્રેસના લોકસભા ઉમેદવાર શતાબ્દી રોયના સમર્થનમાં એક ચૂંટણી રેલીમાં તેમણે કહ્યું કે ભાજપ વિપક્ષી નેતાઓને ડરાવે છે.

# ભાજપ ઉમેદવાર નિમુબહેન બાંભણીયોનો ક્ષત્રિય સમાજે કર્યો વિરોધ




ગાંધીનગર :ભાવનગર લોકસભા ભાજપના ઉમેદવાર નિમુબહેન બાંભણીયોનો ક્ષત્રિય સમાજે ભારે વિરોધ કર્યો હતો,નિમુબહેન નવાગામ અને બડેલી ગામમાં પ્રચાર દરમિયાન હતા તે દરમિયાન ક્ષત્રિય સમાજે તેમનો વિરોધ કર્યો હતો,તો પોલીસે વિરોધ કરનારાઓની અટકાયત કરી હતી.બીજી તરફ બીજેપીના કાર્યકરોને ગામમાં પ્રવેશ ન કરવા સૂત્રોચાર પણ કરાયા હતા.પરશોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવા માટે ક્ષત્રિય સમાજ તેમની માંગ પર અડગ છે.ક્ષત્રિય સમાજે આજે ભાવનગર બેઠક પર ભાજપના ઉમેદવાર નિમુબહેન બાંભણીયાની સભામાં વિરોધ દર્શાવ્યો હતો. આ સભામાં પોરબંદર બેઠકના ઉમેદવાર અને ભાજપ સાંસદ મનસુખ માંડવિયા પણ હાજર હતા. આ સભા દરમિયાન જ ક્ષત્રિય સમાજે રુપાલા વિરુદ્ધ નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો.ભાવનગર લોકસભા બેઠક ઉપર નિમુબેન બાંભણીયા ઉમેદવારી કરવાના હોય ત્યારે એક સ્કૂલના મેદાનમાં પ્રથમ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર સભાના મંચ ઉપર શહેર પ્રમુખ અભયસિંહ ચૌહાણ, નિમુબેન બાંભણિયા ઉમેદવાર, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, સેજલબેન પંડ્યા અને મનસુખ માંડવીયા સહિત ભાજપના વરિષ્ઠ આગેવાનો બેઠા હતા. ચાલુ જાહેર સભાએ ભાવનગર તાલુકા યુવા મોરચાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ ગોહિલે ભાજપ માંથી મંચ ઉપર રાજીનામું શહેર પ્રમુખની સામે ધરી દીધું હતું અને પોતાના આશરે ૨૦૦ જેટલા અનુયાયીઓ સાથે સભા બહાર નીકળીને સમાજ માટે ભાજપ વિરુદ્ધ કાળા વાવટા ફરકાવ્યા હતા. જો કે પોલીસ દ્વારા આ સમગ્ર મામલો બાદમાં અટકાયત કરીને થાળે પડાયો હતો.

# એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ આવતા વર્ષ સુધી ભારતમાં આવી જશે

નવી દિલ્હી : ભારતના વર્ષો જૂના સાથી એવા રશિયા દેશે હવે યુદ્ધમાં વિશેષ ઉપયોગી એવી એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ આપવાની વાત કરી છે. જી હા...ભારતે રશિયા પાસેથી જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમના ૫ ઇચ યુનિટ ખરીદ્યા છે.

આમાંથી ત્રણની ડિલિવરી થઈ ચૂકી છે. બાકીની બે સિસ્ટમની ડિલિવરી અંગે રશિયાએ કહ્યું છે કે તે ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થઈ જશે.

રશિયાએ આવતા વર્ષે એટલે કે ૨૦૨૫ સુધીમાં જી-૪૦૦ સિસ્ટમના બાકીના બે યુનિટ ભારતને પહોંચાડવાની તૈયારી કરી લીધી છે. ભારતે ૫.૪ બિલિયન ડોલરમાં રશિયા પાસેથી જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ ખરીદ્યા હતા. તેમાંથી ૩ની ડિલિવરી થઈ ગઈ છે, જ્યારે ૨ને રશિયાએ રોકી હતી. યુક્રેન યુદ્ધમાં રશિયા ભારત માટે બનેલી જી-૪૦૦ સિસ્ટમનો ઉપયોગ કરી રહ્યું હોવાના અહેવાલ હતા. આર્થિક પ્રતિબંધોને કારણે રશિયાને જી-૪૦૦ સિસ્ટમમાં ઉપયોગમાં લેવાતા ઘણા ભાગો અને કાચા માલની પણ અછતનો સામનો કરવો પડી રહ્યો હતો. આવી સ્થિતિમાં રશિયાએ સૌથી પહેલા પોતાની સુરક્ષા માટે જી-૪૦૦ના ઉપયોગને પ્રાથમિકતા આપી.

મળતી માહિતી અનુસાર, જી-૪૦૦ના બાકીના યુનિટ ૨૦૨૫ સુધીમાં ભારતને સોંપ વામાં આવશે.

# રેલવે મુસાફરો માટે ખુશખબર! હવે જનરલ કોચમાં માત્ર ૨૦ રૂપિયામાં મળશે ભોજન

નવીદિલ્હી : ભારતીય રેલવેમાં મુસાફરી કરતા મુસાફરો માટે આ સમાચાર ખુબ જ અગત્યના છે. કારણકે, આ સમાચાર જાણવાથી તેમના ખિસ્સાને મોટો ફાયદો થશે. હવે તમારે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે નાસ્તા-પાણી માટે કે જમવા માટે વધારે પૈસા ખર્ચવાની જરૂર નથી. તમારા માટે કરવામાં આવી છે સાવ સસ્તામાં સારી વ્યવસ્થા. માત્ર ૨૦ રૂપિયામાં તમને મળશે પેટ ભરીને ભોજન.

રેલવેએ દેશભરના પસંદગીના વિવિધ સ્ટેશનો પર જનરલ કોચના મુસાફરોને ધ્યાનમાં રાખીને સસ્તા ભોજનની સુવિધા આપવાનો નિર્ણય કર્યો છે. રેલવેના એક અધિકારીએ જણાવ્યું કે દેશના ૧૦૦ સ્ટેશનોના લગભગ ૧૫૦ કાઉન્ટર પર મુસાફરોને આ સુવિધા આપવામાં આવી રહી છે. ભવિષ્યમાં, આ સુવિધા વધુ સ્ટેશનો સુધી વિસ્તારવામાં આવશે.પાણી માત્ર ત્રણ રૂપિયામાં ઉપલબ્ધ કરાવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. હવે મુસાફરોને સ્ટેશન પર પાણી અને ખોરાક માટે ફાંફા મારવાની જરૂર રહેશે નહીં. આ માટે IRCTC દ્વારા નિયુક્ત વિક્રેતાઓ તેમનાં કાઉન્ટર પર સામાન્ય સેકન્ડ ક્લાસ અને સ્લીપર ક્લાસ સુધીના મુસાફરોને પોસાય તેવા દરે ભોજન અને પીવાના પાણીના પેકેટ્સ ઉપલબ્ધ કરાવશે.

# ગેસ ગળતરના 3 શ્રમિકોના મોત, ગૂંગળામણથી બની દુર્ઘટના

ગાંધીનગર : બનાસકાંઠામાં ગેસ ગળતરનાં લીધે ૩ શ્રમિકોનાં મોત નિપજતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. કૂવામાં કામ કરતા ૫ ઇચ શ્રમિકોને ગુંગળામણ થઈ હતી. ગુંગળામણ થતા સારવાર દરમ્યાન મોત થયું હતું. બનાસકાંઠાનાં પાલનપુરના બાદરપુરાની મહેશ્વરી પેપર મિલમાં કુંડીઓ બનાવી હતી. મંગળવાર રાત્રે શ્રમિકો કુંડીમાં ઉતર્યા હતા . જે કુંડીઓ છેલ્લા એક સપ્તાહથી બંધ હોવાથી અંદર ગેસ એકઠો થયો હતો.ત્યારે કુંડીમાં એકઠા થયેલ ગેસનાં કારણે શ્રમિકને ગુંગળામણ થવા પામી હતી. બેભાન થઈ ગયેલ મજૂરોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જે બાદ બેભાન થઈ ગયેલ મજૂરોને તાત્કાલીક ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન ત્રણ મજૂરોનાં મોત નિપજ્યા હતા.

# દેશમાં ડોમેસ્ટિક એર ટ્રાફિક નવી ઊંચાઈએઃ એક દિવસમાં ૪.૭૧ લાખ મુસાફરોનો આંકડો પાર થયો

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : દેશમાં ડોમેસ્ટિક એર ટ્રાફિક રવિવારે નવી ઊંચાઈએ પહોંચ્યો હતો. સત્તાવાર આંકડા દર્શાવે છે કે રવિવારે રેકોર્ડ ૪,૭૧,૭૫૧ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી. બીજા શબ્દોમાં કહીએ તો રવિવારે એર ટ્રાફિક ૩,૯૮,૫૭૯ મુસાફરોની પ્રી-કોવિડ એવરેજ કરતાં ૧૪ ટકા વધુ રહ્યો હતો. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જારી કરેલા આંકડા અનુસાર, ૨૧ એપ્રિલ (રવિવાર)ના રોજ કુલ ૬,૧૨૮ ફ્લાઈટ્સનું સંચાલન કરાયું હતું. આ સંખ્યા ૨૧ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ નોંધાયેલી ૪,૨૮,૩૮૯ મુસાફરો અને ૫,૮૯૯ ફ્લાઈટના સ્થાનિક હવાઈ ટ્રાફિક કરતાં વધુ છે. મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારતનું સ્થાનિક ઉડ્ડયન ક્ષેત્ર દરરોજ નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી રહ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતમાં ડોમેસ્ટિક એર ટ્રાફિકમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી રહી છે. આ સારી નીતિઓ, આર્થિક વૃદ્ધિ અને ઓછી કિંમતની એરલાઈન્સના વિસ્તરણ જેવા પરિબળોના કારણે શક્ય બન્યું છે

# કર્ણાટકના કોંગ્રેસ કાઉન્સિલરની પુત્રીની હત્યાના મામલાની તપાસ સીઆઈડીને સોંપાશે

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : કર્ણાટક સરકારે હુબલીમાં કોંગ્રેસના કાઉન્સિલરની પુત્રીની હત્યાના મામલાને સીઆઈડીને સોંપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે, આ મામલાને જલદી ઉકેલવા માટે એક સ્પેશયલ કોર્ટની રચના પણ કરાશે. હુબલી-ધારવાડ નગર નિગમના કોંગ્રેસના કાઉન્સિલર નિરંજન હિરેમથની પુત્રી નેહાની ગુરુવારે બીવીબી કોલેજના પરિસરમાં હત્યા કરવામાં આવી હતી. આ મામલાનો આરોપી ફૈયાજ હત્યા કર્યા પછી ફરાર થઈ ગયો હતો, પરંતુ પોલીસે તેની ધરપકડ કરી લીધી છે. મૃતક નેહા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન(એમસીએ)ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે, 'અમે આ મામલાને સીઆઈડીને સોંપવાનો નિર્ણય કર્યો છે. ચોક્કસ સમયમર્યાદની અંદર ચાર્જશીટ દાખલ કરાશે.

# 2G સ્પેક્ટ્રમ : ચુકાદામાં ફેરફાર માટે કેન્દ્રની સુપ્રીમમાં અરજી

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : કેન્દ્ર સરકારે લગભગ ૧૨ વર્ષ પછી સોમવારે ટુજી સ્પેક્ટ્રમ કેસના ચુકાદામાં ફેરફાર માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. કોર્ટે એ વખતે જણાવ્યું હતું કે, ટુજી સ્પેક્ટ્રની ટ્રાન્સફર માટે હરાજીની પ્રક્રિયા અપનાવવા સરકાર ફરજથી બંધાયેલી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે ૨ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ આપેલા ચુકાદામાં ટેલિકોમ મંત્રી એ રાજાના જાન્યુઆરી ૨૦૦૮ના કાર્યકાળમાં ફાળવવામાં આવેલા ટુજી સ્પેક્ટ્રમ લાઈસન્સ રદ કર્યા હતા. સોમવારે કેન્દ્ર વતી એટર્ની જનરલ આર વેંકટરમણીએ ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડ અને જજ જે બી પારડીવાલાની બેન્ચ સમક્ષ વચગાળાની અરજી કરી હતી.

અરજીમાં તેમણે જણાવ્યું હતું કે, સરકાર કેટલાંક લોકોને ૨જી સ્પેક્ટ્રમ ફાળવવા ઈચ્છતી હોઈ અદાલત તેના ૨૦૧૨ના ચુકાદામાં સુધારો કરે. ફેબ્રુઆરી ૨૦૧૨નો ચુકાદો જેમની અરજીના આધારે અપાયો હતો એ અરજદારોમાં પ્રશાંત ભુષણ પણ સામેલ હતા. તેમણે કેન્દ્ર સરકારની અરજીનો વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાથી કેસનો યોગ્ય નિર્ણય લેવાઈ ચૂક્યો છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૨ના ચુકાદામાં જણાવ્યું હતું કે, "સ્પેક્ટ્રમ જેવા દેશના કુદરતી સ્રોતોની ફાળવણી વખતે ભેદભાવ વગરની પ્રક્રિયા અપનાવવાની જવાબદારી સરકારની છે.

**પહેલા પાનાથી...**

**બીજા તબક્કાની**

જોર લગાવ્યું છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો માટે ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજનાર હોય ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. બીજા તબક્કામાં ૮૯ બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન યોજાય તે માટે તમામ મતદાન મથકો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે.




### હાલના સમયમાં નક્કી કરેલા લક્ષ્યને પ્રાપ્ત કરવા શિક્ષણ અતિ મહત્ત્વનો ભાગ

# વિદ્યાર્થીઓના ભવિષ્યનું નવનિર્માણ કરતી આદિપુરની લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલ

ગાંધીધામ : હાલના સમયમાં સારું શિક્ષણ પ્રાપ્ત કરવું અત્યંત જરૂરી છે. વ્યક્તિનો સર્વાંગી વિકાસ શિક્ષણ દ્વારા થાય છે. શિક્ષણ હોય તો ગમે તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. આજના યુગમાં નક્કી કરેલા લક્ષ્યને પ્રાપ્ત કરવા શિક્ષણ ખૂબ જ જરૂરી છે. શિક્ષણ સભ્ય સમાજની અનિવાર્ય જરૂરિયાત છે જે સર્વાંગી વિકાસની પક્રિયા છે. આ વિચારની સાથે ચાલતું વિદ્યાનું મંદિર એટલે આદિપુરની લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલ જે શરૂઆતથી લઈને અત્યાર સુધી અવિરતપણે સામાજિક ક્ષેત્રે પોતાની વિશિષ્ટ સેવા પ્રદાન કરે છે.લર્નર્સ એકેડેમી ઈંગ્લિશ સ્કૂલની સ્થાપના તુલસીદાસ કલવાની અને માલા કલવાની દ્વારા કરવામાં આવી હતી. આદિપુર - ગાંધીધામ વિસ્તારમાં મધ્યમવર્ગીય બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી જી.પી.સોશિયલ ટ્રસ્ટની સ્થાપના કરીને લર્નર્સ એકેડેમી ઈંગ્લિશ સ્કૂલની શરૂઆત કરવામાં આવી. શરૂઆત માત્ર નર્સરીથી કરવામાં આવી હતી, જેમાં આજે પ્લે હાઉસથી ધોરણ ૧૨ સુધીના વર્ગો ફળતાપૂર્વક કાર્યરત છે. બાળકોને સારું શિક્ષણ આપવાના ઉત્તમ હેતુને લઈને ચાલતી આ શાળામાં પ્રવેશ સમયે કોઈપણ પ્રકારનું ડોનેશન લેવામાં આવતું નથી, માત્ર નજીવી ફી સાથે બાળકોને મૂળભૂત સુવિધાઓ સાથે ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે અને બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. આ સાથે સરકારના નિયમો સહિત આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા પણ અહીં ઉપલબ્ધ છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળામાં અનેક પ્રકારની સુવિધાઓ છે, જેમાં પ્રાકૃતિક વાતાવરણ સાથે અદ્યતન વિશાળ ભવન તેમજ મેદાન છે. સાથે કોમ્પ્યૂટર રૂમ, લાઈબ્રેરી, સાયન્સ લેબોરેટરી, ઓડિયો-વિઝ્યુઅલ રૂમ, વિશાળ ખેલનું મેદાન, રમતગમતનાં વિવિધ સાધનો સાથેનો સ્પોર્ટ્સ રૂમ, નૃત્ય રૂમ, સંગીત રૂમ તેમજ સ્માર્ટ બોર્ડ સુવિધા દ્વારા બાળકોને અભ્યાસ કરાવવામાં આવે છે. સાથે સાથે દરેક વર્ગખંડમાં સી.સી. ટી.વી. કેમેરા રાખવામાં આવેલ છે.શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે નિબંધ સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટિશન, ડિબેટ, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વિજ્ઞાન અંતર્ગત પ્રવૃત્તિઓ, ગાણિતિક રમતો તેમજ દરેક તહેવારોની ઉજવણી દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

આ સાથે રમત ગમત ક્ષેત્રે પણ શાળા આગવું સ્થાન ધરાવે છે. શાળાના વિશાળ કેમ્પસમાં ફૂટબોલ, ક્રિકેટ, ખો-ખો, વોલીબોલ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ આવેલા છે. તો ઈન્ડોર ગેમ માટે કેરમ, ટેબલ ટેનિસ, ચેસ જેવી રમતો માટે શાળા સુસજ્જ છે. શાળાના વિદ્યાર્થીઓએ પોતાની આગવી પ્રતિભા સાથે સ્પોર્ટ્સ શિક્ષક દ્વારા તાલીમ લઈને રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત શાસ્ત્રીય નૃત્ય, વેસ્ટર્ન નૃત્ય, ચિત્રકામ, સંગીતમાં ગાયન-વાદન સહિતની પ્રવૃત્તિઓ નિષ્ણાત શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે.ચારિત્ર્ય નિર્માણ સાથે સામાજિક ક્ષેત્રે ભાવિ નાગરિકોનું ભાવિ ઘડતર કરવાના હેતુથી શૈક્ષણિક ક્ષેત્રે સેવાયજ્ઞ ચલાવતી લર્નર્સ એકેડેમી ઈંગ્લિશ સ્કૂલ આદિપુર પોતાનું આગવું સ્થાન ધરાવે છે. શાળામાં પ્લે હાઉસથી ધોરણ ૧૨ સુધીના વર્ગો બાળકોના સર્વાંગી વિકાસ સુંદર રીતે ચાલે છે. શાળાનાં ટ્રસ્ટીઓ, શાળાના આચાર્ય, દરેક શિક્ષકગણ તેમજ સંપૂર્ણ સ્ટાફના સમર્પણ ભાવનાયક પરિશ્રમથી શાળાનો વિકાસ થઈ રહ્યું છે.




# ગાંધીધામની શ્રી "ગુજરાત એજ્યુકેશન સોસાયટી" ની ગૌરવભરી શૈક્ષણિક સેવાઓ

ગાંધીધામ : ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી માધ્યમમાં શિક્ષણની જરૂરીયાત જણાતા વર્ષ ૧૯૫૪માં આ સંસ્થા શ્રી "ગુજરાત એજ્યુકેશન સોસાયટી"ની સ્થાપના કરવામાં આવી. હાલે સદર સંસ્થા બાલમંદિરથી કોલેજ સુધીનું શિક્ષણ પૂરું પાડી રહી છે. હજારો વિદ્યાર્થીઓ આ સંસ્થા સંચાલિત શાળાઓમાંથી અભ્યાસ કરી, ઉજ્જવળ કારકિર્દી બનાવી ચુક્યા છે. તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત તેમજ સંસ્કારો સાથેનું આધુનિક શિક્ષણ સદર સંસ્થા પૂરું પાડી, વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં તેમજ દેશને સારા નાગરિક પુરા પાડવાનું ભગીરથ કાર્ય સંસ્થા દ્વારા ચાલી રહ્યું છે. હાલ દર વર્ષે અંદાજે ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સદર સંસ્થા સંચાલિત શાળાઓમાં શિક્ષણ મેળવી રહ્યા છે. બાલમંદિર તેમજ પ્રાથમિક શાળાઓ દ્વારા પાયાનું શિક્ષણ, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં જીવન ઘડતરલક્ષી શિક્ષણ તથા કોલેજ દ્વારા સ્નાતક કક્ષા સુધીનું કારકિર્દી લક્ષી શિક્ષણ વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે. સંસ્થા સંચાલિત "શ્રી રાજાભાઈ પટેલ કોલેજ ઓફ કોમર્સ તથા ઈકોનોમિકસમાં" કોમર્સ તથા આર્ટસ પ્રવાહમાં શૈક્ષણિક કાર્ય ચાલી રહ્યું છે. સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓની દીર્ઘ દ્રષ્ટી, તેઓશ્રીના યોગદાન, શહેરના વેપારી મહાનુભાવોશ્રીની ઉદાર ભાવના, અભ્યાસ કરી ગયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની તેમજ વાલીશ્રીઓની શાળા તેમજ સંસ્થા પ્રત્યેની લાગણી, સંસ્થા સંચાલિત શાળાઓના ભૂતપૂર્વ આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકશ્રીઓ, તથા કાર્યરત તમામ શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મયારીઓની મહેનત થકી આ સંસ્થા વટવૃક્ષ સમાન બની છે તેમજ ઉત્તરોતર પ્રગતિ કરી રહી છે.

# આધુનિક યુગમાં સંતોના આશીર્વાદરૂપી સંસ્કાર સાથે શિક્ષણ એટલે ગાંધીધામનું સ્વામિનારાયણ ગુરુકુળ

ગાંધીધામ : કચ્છની કર્મભૂમિ ગાંધીધામ મધ્યે આવેલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીધામના બાળકોમાં જ્ઞાન સાથે સંસ્કારનું ઘડતર કરી રહ્યું છે. આજના નવયુગમાં બાળકો જ્ઞાન તો દરેક જગ્યાએથી મેળવી લે છે જેમ કે, ટ્યૂશન, ગૂગલ, યુ-ટયુબ વગેરે પણ સંસ્કાર, વૈદિક વિચારો અને શ્રેષ્ઠ નાગરિકતાનું ઘડતર તો સ્વામિનારાયણ ગુરુકુળમાં જ મળી રહે છે. અહીંના બૌદ્ધિક શિક્ષકો, સંતોના આશીર્વાદરૂપી આશીવર્ચન દ્વારા બાળકોને એક સહજ અને સર્વશ્રેષ્ઠ જીવન જીવવાની કલા

શિખવાડવામાં આવે છે. આજના આ ઈન્ટરનેટ તેમજ મોબાઈલના યુગમાં બાળકોને ભણવામાં સહાયતા તો મળી રહે છે, પણ તે સાચા રસ્તે જઈ રહ્યા છે કે ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે એ દુનિયાનું કોઈપણ એપ કે ગૂગલ બતાવી કે રોકી નહી શકે.

ગુરુકુળ કેમ્પસમાં એક મોટું તેમજ ભવ્ય બાળમંદિર બનેલું છે જેની અંદર નાના ભૂલકાંઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે તેમજ તેઓને રમત - ગમત સાથે જ્ઞાન મળી રહે તે માટેની બધી જ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. CBSEની માન્યતા ધરાવતી એક વિશાળ બિલ્ડિંગમાં ધોરણ ૧થી ૧૦ના બાળકો કચ્છની લઘુતમ ફી ધરાવતી શાળામાં જ્ઞાન લઈ રહ્યા છે.CBSEની માન્યતા ધરાવતી ધોરણ ૧૧ / ૧૨ સાયન્સ તેમજ કોમર્સના વર્ગો પણ આધુનિક લેબોરેટરીની સુવિધાઓથી સજ્જ ચાલી રહ્યા છે. કેમ્પસમાં GSEBની માન્યતા ધરાવતી એક ઉચ્ચ સ્તરની ગુજરાતી માધ્યમ શાળા જેમાં ધોરણ ૧થી ૧૨ સામાન્ય પ્રવાહ / આર્ટ્સ પ્રવાહ ભણાવવામાં આવી રહ્યું છે.ગાંધીધામ સંકુલનું સૌથી વિશાળ રમત - ગમતનું મેદાન, આધુનિકતાઓથી સજ્જ જ્ઞાન મંદિર તેમજ અન્ય સુવિધાઓથી સજ્જ છે આ ગુરુકુળ. ધો. ૫ થી ૧૨ માટે હોસ્ટેલ સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. ભુજ મંદિર દ્વારા સંચાલન છેલ્લા ૨૫ વર્ષથી કરાઈ રહ્યું . શાળાના સંચાલક પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીની સતત દેખરેખ અને માર્ગદર્શનને કારણે આ સંસ્થાએ આજે પ્રજાજનોના દિલમાં એક વિશેષ સ્થાન મેળવ્યું છે. ગુરુકુળની બાગડોર સંભાળતા પુરાણી સ્વામી ધર્મિકશોરદાસજી સાથે ટ્રસ્ટી કિરણભાઈ આહીર, નારણભાઈ સાંખલા, હિમ્મતભાઈ રાદડિયા, હરીશભાઈ મેપાણી, ભરતભાઈ ઠક્કર શાળાનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યા છે.હવે વાલીઓએ નક્કી કરવાનું છે કે ખાલી જ્ઞાન જરૂરી છે એમના બાળકો માટે કે પછી જ્ઞાન સાથે સંસ્કાર આપવા સજ્જ રહે છે.




# ગાંધીધામની પ્રથમ ડે બોર્ડિંગ સ્કૂલ સેવી ઈન્ટરનેશનલ દ્વારા શરૂ કરાઈ





ગાંધીધામ : ગાંધીધામમાં વર્ષ ૨૦૧૪થી શરૂ થયેલી સેવી ઈન્ટરનેશનલ ગ્રુપ ઓફ સ્કૂલ શૈક્ષણિક શ્રેષ્ઠતાની દીવાદાંડી રહી છે. સીબીએસસી સંલગ્ન આ શાળા દ્વારા પ્રતિ વર્ષ નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાય છે. આ વર્ષથી ગાંધીધામ આદિપુરની પ્રથમ . ડે બોર્ડિંગ સ્કૂલ ઓછી ફીના દર સાથે શરૂ કરવામાં આવશે. સેવી ઈન્ટરનેશનલ સ્કૂલની બાળકોના સર્વાંગી વિકાસને પ્રાથમિક્તા આપે છે. તેમની અન્ય જરૂરિયાતો અને રુચિઓ, આકાંક્ષાઓને પરિપૂર્ણકરવામાંશાળાકદીપાછીપાનીનથીકરતી. વ્યક્તિગત શિક્ષણના અનુભવો, નવીન શિક્ષણ પદ્ધતિઓ અને સહાયક વાતાવરણ દ્વારા વિદ્યાર્થીઓને તેમના જુસ્સાને શોધવા માટે તેમની સંભવિતતાઓને બહાર લાવવા માટે બાળકોને સશક્ત બનાવવ- મા આવે છે. શાળાના સ્વપ્રદષ્ટા સ્વ.વિનોદ મુનશિયાની, પ્રીતિ મુનશિયાની છે. તેમણે શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તન લાવવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેઓને શિક્ષણમાં અનુભવ સાથે શૈક્ષણિક ઈકોસિસ્ટમ બનાવવા માટે પહેલ કરી છે, જે નવીનતા, શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપે છે. ગ્રુપની ૧૬ શાળાનું નિર્માણ કરી વ્યાપ વધારવામાં આવ્યો છે અને કે.જી.થી ધો. ૧૨ સુધીના ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ શાળા દ્વારા પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ શાળા નવીનતામાં મોખરે છે. પ્રતિવર્ષ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ આપવાની પંરપરા જાળવી રાખી છે અને ભવિષ્યમાં પણ જળવાઈ રહેશે. તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો છે. નોકરી કરતાં માતા - પિતા માટે ગાંધીધામમાં ઓછા ફી દર સાથે ડે બોર્ડિંગ સ્કૂલ શરૂ કરાઈ છે, જેમાં સાંજે ચાર વાગ્યા સુધી બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

# તોલાણી વિદ્યા મંદિર રણમાં શિક્ષણનું સરોવર

ગાંધીધામ : તોલાણી વિદ્યા મંદિરનાં સંસ્થાપક કાકા શ્રી પ્રીભદાસ તોલાનીનો જન્મ સંયુક્ત ભારતના સિંધ પ્રાંતના લાડકાના શહેર માં તા. ૨૫-૦૮-૧૮૯૩ ના રોજ થયેલ. બાળપણ થી તેઓ તેજસ્વી હતા અને તેઓએ અંગ્રેજી ભાષા સાથે મુંબઈની વિલ્સન કૉલેજ થી સ્નાતક થયા. ખાનદાની જમીનદારી હોવાની સાથે સાથેતેઓ ધાર્મિક , વિનમ્ર અને કઠોર પરિશ્રમી હતા.

ભારતના ભાગલાના સમયે તેઓ પાકિસ્તાનમાં રહી પોતાની સંપતિની દેખરેખ કરતા હતા, તે સમયે તેમની જમીન હડપવા પાકિસ્તાન સરકારે તેમને ત્રાસ આપવા હેતુથી ૧૦૦ દિવસ કારાવાસમાં પૂરી નાખ્યાં અને ઘોર માનસિક અત્યાચાર ગુજાર્યા.કારાવાસમાં તેઓએ શ્રી કૃષ્ણ સમક્ષ નેમ રાખેલ કે - જ્યારે તે મુક્ત થશે ત્યારે પોતાનું સર્વસ્વ માનવ સેવા નેસમર્પિત કરી દેશે. આગળ જતા તેઓએ ૩ પુસ્તકો લખ્યા; ગીતા, માય ગાઈડ, મારી સ્મૃતિયોજેમાં તેમનું જીવન દર્શન ચરિતાર્થ થાય છે.

૧૯૪૯ માં- ૫૫ વર્ષના વયે જ્યારે તેઓ ફક્ત પહેરેલ કપડે ભારતના મુંબઈ બંદરે ઉતર્યા ત્યારે તેમની પાસે મૂડીના નામે શ્રદ્ધા અને જુસ્સોજ હતો.સ્વ-પરીશ્રમ થી તેઓએ પોતાનું બાંધકામ ઉદ્યોગ અને શીપીંગ કાર્ય શરૂ કર્યું અને અલ્પ સમયમાંજ પાછા ખમતીધર બની ગયા, ત્યારે તેમને કારવાસમાં લીધેલ નેમ યાદ આવ્યું.કવિ હુંદરાજ દુખાયલ અને હરી દર્યાની 'દિલગીર'એ તેમને કચ્છને કર્મભૂમિ બનાવવાનું આમંત્રણ આપ્યું. ૧૯૬૧મ ગાંધીધામ પોલીટેકનીકની શરૂઆત થઈ,કાકાશ્રીએ ૧૯૬૭માં તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનીક સ્થાપી.

શૈક્ષણિક હેતુ માટે SRC એ મંડળ ને ૪૨ એકર જમીન ફાળવી.આજે અહી ૧૦મા પછી કરી શકાતા ડીપ્લોમાં કોર્સ જેમકે- સિવિલ, મેકેનીકલ, ઈલેક્ટ્રીકલ, કમ્પ યુટર, કોસ્ચુમડીઝાઈનના ચલાવવામાં આવે છે, આ સિવાય MHRDની સહાયતાથી રોજગાર અને કૌશલ્ય કેન્દ્રોની સ્થાપના ઘણા ગામડાઓમાં કરવાંમાં આવી, જ્યાં ગામ ની સ્ત્રિયો અને બાળાઓને ગુંથણ, વણાટ, ફૂડ પ્રોસેસિંગ, બ્યુટી પાર્લર જેવા સ્વ-રોજગારના કોર્સ શીખવાડવામાં આવે છે તો પુરુષો માટે- પ્લમ્બિંગ, ઈલેક્ટ્રીશિયન, JCB અને ક્રેન ઓપરેટર નું કામ શીખડાવામાં આવે છે. આ સંસ્થા GTU અનેAICTE સંલગ્ન છે.૧૯૬૨ માં તોલાણી આર્ટસ કૉલેજ ૧૨ વિદ્યાર્થિયો સાથે શરુ થઇ હતી, કાકાએ તેની નવી ઈમારત ૧૯૬૮ બનાવી, પછી તેમાં સાયન્સનો ઉમેરો કર્યો, કચ્છની એક માત્ર નેક પ્રમાણિત 'છ' ગ્રેડ કૉલેજ જ્યાં સ્નાતક સ્તરે આર્ટ્સમાં મુખ્ય વિષય : અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને વિશેષ રૂપે દીકરીઓ માટે હોમ સાયંસ ભણાવામાં આવે છે અને ગોણ વિષયે: ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજનીતીશાસ્ત્ર, સંસ્કૃત, સિન્ધી અને હિન્દી વિકલ્પમાં છે. અહી અનુસ્નાતક સ્તરે; હિન્દી અને અર્થશાસ્ત્ર ભણાવાય છે. વિજ્ઞાન અંતર્ગત; ગણિત, રસાયણશાસ્ત્ર, ભોતીક્શાસ્ત્ર, સુક્ષ્માંજીવાનુંશાસ્ત્ર અને વનસ્પતીશાસ્ત્ર ના ઓપ્શન છે. સાથે સાથે અનુસ્નાતક સ્તરે ગણિત, માઈક્રોબાયોલોજી અને કેમેસ્ટ્રી પણ.સરકારશ્રીના નવી શિક્ષણ નીતિ અંતર્ગત NEP ફોરમેટમાં હવે થી સ્નાતક સ્તરે ૩/૪ વર્ષે BA અને BSc ઓનર્સ તથા રીસર્ચ ની ડીગ્રી આપવામાં આવશે.

કોમર્સ શિક્ષણ માટે ૧૯૭૩માં તોલાણી કોમર્સ કોલેજ શરુ કરવામાં આવી, જે કચ્છની મોટામાં મોટી કોમર્સ કોલેજ છે જ્યાં ૨૫૦૦થી વધુ વિદ્યાર્થિયો બી.કોમ , એમ.કોમની સાથે ત્રણ અન્ય પ્રોફેશનલ કોર્સીસ: ચાર્ટર્ડ એકાઉન્ટન્સી, કંપની સેક્રેટરી, કોસ્ટ એકાઉન્ટટ, ૧ CoP કોર્સીસ: ફોરેન ટ્રેડ, ૨ BVoc કોર્સીસ ભણતર કરે છે અને તેમની સાથે સાથે ઈન્દિરા ગાંધી ઓપન યુનીવર્સીટી IGNOU તથા ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી BAOU કાર્યરત છે. હાલે TCCએ NAACનાં ત્રીજા સાયકલ અંતર્ગત પુન: B+ગ્રેડ પ્રાપ્ત થયું છે.સરકારશ્રીના નવી શિક્ષણ નીતિ અંતર્ગત NEP ફોરમેટમાં હવેથી સ્નાતક સ્તરે ૩/૪ વર્ષે BComઓનર્સ તથા રીસર્ચની ડીગ્રી આપવામાં આવશે.




### શિક્ષણ થકી માનવ સમાજને સકારાત્મક દિશામાં લાવવાનું કાર્ય કરતી શાળા

# ઉચ્ચ શિક્ષણનો શ્રેષ્ઠ વિકલ્પ : એસ.આર.કે.ઇન્સ્ટિટ્યૂટ - કચ્છ

## વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા લાવવા તેમજ શૈક્ષણિક સેવાને હરહંમેશાં સમર્પિત રહેતા શાળાના શિક્ષકો અને સ્ટાફગણ






ગાંધીધામ : કચ્છ પ્રદેશના શિક્ષણમાં વિકાસ અને નવી રીતે માનવ ઉત્થાન માટે સંકલ્પિત એસ.આર.કે. ઈન્સ્ટિટટ્યૂટ આજે એક અચણી સ્થાન એટલે સ્ટુડન્ટ્સની પસંદગીની પરિસ્થિતિ સાથે અત્યંત પ્રશંસાયોગી છે. તેમના અદ્યતન સંચાલન અને શૈક્ષણિક પ્રકરણો દ્વારા એસ. આર.કે. એક પ્રખ્યાત સ્થાન અને ગૌરવ મેળવ્યું છે. એસ. આર.કે. ઈન્સ્ટિટ્યૂટના અપ ૨ સંસ્થાપક અરજણભાઈ કાનગડ દ્વારા સ્થાપિત થયું છે અને એક શ્રેષ્ઠ એજ્યુકેશનલ હબ તરીકે પરિચિત થયું છે. એસ.આર. કે, ઈન્સ્ટિટ્યૂટ આધુનિક શૈક્ષણિક સાધનો, સામાજિક કાર્યક્રમો અને અનુભવી શિક્ષકો દ્વારા માનવ સમાજને સકારાત્મક દિશામાં લાવવાનું કાર્ય કરે છે. એસ. આર. કે. ઈન્સ્ટિટટ્યૂટ વિવિધ પદ્ધતિની શિક્ષા અને પ્રશિક્ષણ પદાન કરે છે. તે આઈટી, એમ. બી.એ. સોશિયલ સાયન્સ જેવા ક્ષેત્રોમાં શિક્ષા પ્રદાન કરે છે અને વિદ્યાર્થીઓને સ્વપ્રેરણા અને સન્માન આપે છે. એસ.આર.કે. ઈન્સ્ટિટટ્યૂટનું શિક્ષણ સિસ્ટમ અને કોર્સમાં સંવેદનશીલતા અને અભ્યાસક્રમોનું અનુસરણ કરતું છે જે વિદ્યાર્થીઓને વસ્ત્રરેષા અને ઉચ્ચ શૈક્ષણિક સ્તર પ્રાપ્ત કરવા સજજ કરે છે. તાલીમી કાર્યક્રમોના અને અભ્યાસ ક્રમોના સમર્થનના સાથે, એસ.આર.કે ઈન્સ્ટિટટ્યૂટ કોર્સમાં વિદ્યાર્થીઓને વ્યાપક પ્રયોગાત્મક અભ્યાસ અને સારવારની અનુભવવાળી સ્થિતિઓ આપે છે. જે તેમને અનુભવી બનાવે છે. આધુનિક યોજનાઓ, ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક સરળતા, સર્વોત્તમ સામર્થની અપેક્ષાઓ, પ્રોફેશનલ સ્પ ર્ધાત્મકની સાથે એસ. આર.કે. ઈન્સ્ટિટ્યુટ એક ઉત્તમ સ્થળ છે. હાલમાં BBA, BCA, MBA અને MLW જેવા વિવિધલક્ષી કોર્સ ચાલીરહ્યા છે જેમા કચ્છ યુનિવર્સિટી સાથે BBA, BCA, અને MLW સંલગ્ન છે. અને ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી સાથે MBA સંલગ્ન છે. સંસ્થાના ચેરમેન અરજણભાઈ કાનગડની દૂરદષ્ટિ કેમ્પસ હેડ પ્રોફ. સુરભિ આહીરનું માર્ગદર્શન, પ્રિન્સિપલ પ્રોફ, નિર્દેશ બૂચ સહિત સ્ટાફગણ હરહમેશાં શૈક્ષણિક સેવાને સમર્પિત રહ્યા છે



‘તમારા મતદાન કેન્દ્રને ઓળખો’ અભિયાન અંતર્ગત....

# કચ્છમાં ૨૮મીએ તમામ મતદાન કેન્દ્રોની મતદાતા લઈ શકશે મુલાકાત

## ચૂંટણીનાં ૧૦ દિવસ પહેલા તમામ મતદાન મથકો ખુલ્લા મુકાશે : રવિવારે તમામ મતદાન કેન્દ્રોમાં ખાસ ડ્રાઈવ યોજાશે : બીએલઓને સવારનાં ૯ વાગ્યાથી બપોરે ૧૨ કલાક સુધી હાજર રહેવા સૂચન : મતદારો પોતાના બુથ ઉપરાંત વાહન પાર્કિંગ, સ્લીપ મેળવવાના સ્થળ સહિતની વિગતો જાણી શકશે




ભુજ : લોકસભા ચૂંટણીમાં કચ્છ બેઠક પર ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થયા બાદ હવ મતદારો મતદાન દિવસની પ્રતિક્ષા કરી રહ્યા છે. તો ભારતીય ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકોની વ્યવસ્થા કરવા માટેની તૈયારીઓ શરૂ કરી છે. મતદાનનાં દિવસે મતદારો મતદાન મથકો શોધવામાં તકલીફ ન પડે તે માટે ચૂંટણી પંચ જિલ્લાના તમામ મતદાન કેન્દ્રોમાં ખાસ ડ્રાઈવ યોજવામાં આવશે. લોકો સરળતાથી તેમનું મતદાન મથક જાણી શકે તેમજ ત્યાં સિનિયર સીટીઝન્સ માટે શું વ્યવસ્થા છે તે જાણી શકે તે માટે આયોજન ગોઠવાયું છે.

આ અંગેની વિગતો મુજબ ભારતીય ચૂંટણી પંચ દ્વારા ત્રીજા તબક્કામાં તા. ૭ મે નાં રોજ ગુજરાતમાં લોકસભા ચૂંટણીને લઈ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે દરેક મતક્ષેત્રમાં આવતા મતદાન કેન્દ્ર અને બૂથ શોધવા માટે મતદારોને તકલીફ ન પડે તે માટે તા. ૨૮ એપ્રિલ રવિવારનાં રોજ કચ્છના ૧૮૪૪ સહિત રાજ્યનાં ૫૦,૬૭૭ મતદાન મથકોએ ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે લોકસભા ચૂંટણીમાં કચ્છ બેઠક પર કુલ્લ ૧૯,૩૫,૩૩૮ મતદારો નોંધાયા છે. જેમાં કચ્છની છ વિધાનસભા બેઠકો પર ૧૬,૪૫,૩૬૪ મતદારો ૧૧ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

ચૂંટણીનાં ૧૦ દિવસ પહેલા તમામ મતદાન મથકો ખુલ્લા મુકાશે. તેમજ દરેક મતદાર મતદાન મથક પર જઈ પોતાનાં બૂથની મુલાકાત લઈ શકશે. તેમજ એટલું જ નહી મતદાન મથક નજીક વાહન પાર્કીંગ ક્યાં કરી શકાશે. સ્લીપ ક્યાંથી મેળવી શકશે. સિનિયર સિટીઝન માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે. તેવી તમામ બાબતોની જાણકારી મેળવી શકશે.

તા. ૨૮ એપ્રિલને રવિવારે યોજાનારી આ સ્પેશ્યલ ડ્રાઈવને ભારતીય ચૂંટણી પંચ દ્વારા ‘નો યોર પોલિંગ સ્ટેશન’ નામ અપાયું છે. એટલે કે, તમે તમારા મતદાન કેન્દ્રને ઓળખો એવું નામ આપવામાં આવ્યું છે. ૨૮ એપ્રિલનાં રોજ તમામ મતદાન કેન્દ્રોમાં બીએલઓને સવારનાં ૯ વાગ્યાથી બપોરે ૧૨ કલાક સુધી હાજર રહેવા સૂચન પણ કરાયુ છે આ દિવસે બીએલઓ દ્વારા સિનિયર સિટિઝન્સ તેમજ મહિલાઓ ચૂંટણીનાં દિવસે વધુમાં વધુ મતદાન કરે તે માટે પણ ખાસ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.





ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. શંભુભાઈ સુમાતભાઈ વિરડા (આહીર)
ઉ. વ. ૭૪, માજી સરપંચશ્રી, ગળપાદર ગ્રામ પંચાયત
સ્વ. તા. ૨૩/૦૪/૨૦૨૪ મંગળવાર ગામ : ગળપાદર (હાલે આદિપુર)

આપનું સાદગી ભર્યુ જીવન, સ્નેહભર્યો સ્વભાવ અને પરમાર્થ ભર્યા ઉચ્ચ સંસ્કારો હંમેશા પરિવાર માટે પ્રેરણાદાયી બની રહેશે. આહિર સમાજને ક્યારેય ના પુરી શકાય તેવી ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સમાજના અડિખમ આગેવાનની દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે...

પ્રાર્થનાસભા
તા. ૨૫/૦૪/૨૦૨૪ ગુરૂવાર સાંજે ૬ થી ૭ કલાકે મચ્છોયા આહીર કન્યા વિદ્યા મંદિરની બાજુમાં ૫/એ આદિપુર મુકામે રાખેલ છે.

::: શોકમગ્ન પરિવારજનો :::
ગં.સ્વ. રમાઈબેન શંભુભાઈ વિરડા - ધર્મપત્ની
- રાજેશભાઈ શંભુભાઈ વિરડા - પુત્ર
- કંકુબેન રાજેશભાઈ વિરડા - પુત્રવધુ
- રીયા રાજેશભાઈ વિરડા - પૌત્રી
- પ્રીયા રાજેશભાઈ વિરડા - પૌત્રી
- ઓમ રાજેશભાઈ વિરડા - પૌત્ર
- હરીશભાઈ ધમાભાઈ વિરડા - ભત્રીજા
- યોગેશભાઈ ધમાભાઈ વિરડા - ભત્રીજા
- લખીબેન શામજીભાઈ ખટારીયા - દિકરી-જમાઈ
- ગં.સ્વ. રાંભઈબેન સઘાભાઈ ગુજરીયા - દિકરી-જમાઈ
- શાંતિબેન રાજેશભાઈ ખટારીયા - દિકરી-જમાઈ

સમસ્ત વિરડા (આહીર) પરીવારના જય શ્રી કૃષ્ણ....

સંબધિત ફર્મ
રાજેશ રોડવેઝ - ગાંધીધામ
મો. 98252 28810






‘સંગઠન એ જ શકિત’ ‘સત્યમેવ જયતે’ ‘વિના સહકાર નહીં ઉદ્ધાર’

કચ્છ જિલ્લા સમસ્ત ટ્રક માલિકો જોગ જાહેર નિવેદન

આથી કચ્છ જિલ્લાના તમામ ટ્રક માલિકો જોગ જણાવવાનું કે, હાલે જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિયેશનની ટર્મ પૂર્ણ થતાં આગામી તા. ૨૫-૪-૨૦૨૪ના રોજ જિલ્લાના કુકમા મુકામે મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભે શ્રી પશ્ચિમ કચ્છ ટ્રક ઓનર્સ એસોસિયેશનની જનરલ મિટિંગનું આયોજન ગત તા. ૧૯/૪/૨૦૨૪ના રોજ કરવામાં આવેલ. મળેલ મિટિંગમાં સર્વાનુમતે નક્કી થયા મુજબ જે ગાડી માલિકોના હિત જોઈ ગાડી માલિકનું ભલું કરી શકે એવા પ્રમુખની વરણી કરવી એવું નક્કી થયેલ છે.

ભૂતકાળને જોઈએ તો આ કચ્છ જિલ્લાના એસોસિયેશન સંસ્થાના પાયામાં પશ્ચિમ કચ્છએ કાયમ દરેક રીતે ભોગ આપેલ છે. પ્રથમ વાત કરીએ તો જૂનો ડબ્બો એટલે (કોથળો) જે સદ્‌ગત દરિયા શેઠના હસ્તે શરૂ કરવામાં આવ્યો હતો. તે પછી સદ્‌ગત પ્રહલાદસિંહ જાડેજા દ્વારા આ સંસ્થા રજિસ્ટર થયેલ, બાદમાં શ્રી પ્રહલાદસિંહ પ્રમુખ હતા તે સમયે વિધાનસભાની ચૂંટણી આવતાં વાસણભાઈએ સંસ્થાનો સહયોગ માગ્યો અને પ્રમુખ બનવાની ઈચ્છા વ્યકત કરી, તે વખતે રતનાલ તેમજ કચ્છના તમામ ટ્રક માલિકો, ભુજ વિસ્તારના તમામ વડીલોની સમજાવટથી ખેલદિલી દાખવી પ્રહલાદસિંહે વાસણભાઈને સંસ્થાના પ્રમુખ બનાવ્યા, ઉપરાંત પશ્ચિમ કચ્છ તરફથી સંપૂર્ણ સાથ-સહયોગ તેમજ આર્થિક સહયોગ પણ આપવામાં આવેલ હતો. આ વાત જગજાહેર છે. ત્યારબાદ વાસણભાઈએ ભુજ વિસ્તારમાં ધારાસભ્યની દાવેદારી નોંધાવી ત્યારે પણ સંપૂર્ણ સાથ-સહકાર પશ્ચિમ કચ્છ વતી મળેલ છે તેમજ ટોટલ ૨૭ ગામમાં ખર્ચ પણ અહીંથી જ કરવામાં આવેલ હતો. વાસણભાઈ ધારાસભ્યપદે ચૂંટાયા અને સ્વમાનભેર હાથી ઉપર બેસાડી વિજય સરઘસ પણ કાઢયો હતો. પણ... મૂળ ડબ્બાની જગ્યા હતી જે આપણે બચાવી ન શકયા તેમજ સને ૨૦૦૮માં પાનધ્રો ખાણ બંધ થઈ જેનામાં પણ કોઈપણ જાતનો સહયોગ મળ્યો નહીં તેમજ જયારે સિમેન્ટ ઉદ્યોગમાં ગાડી માલિકના હિતમાં હડતાળ કરી જે ૩૫ દિવસ સુધી ચાલી પણ અંતે વાસણભાઈની મધ્યસ્થીથી જ પૂર્ણ થઈ જેનું કાંઈપણ પરિણામ આવ્યું નહીં. ત્યારબાદ ફરી જિલ્લામાં નવા પ્રમુખની વરણી કરવાની હતી ત્યારે સદ્‌ગત ત્રિકમભાઈની જાહેરાત પણ પશ્ચિમ કચ્છ દ્વારા કરવામાં આવી હતી, ત્યારબાદ વાસણભાઈ ગુજરાત સરકારમાં મંત્રી બન્યા હોવાથી ગાડી માલિકના હિત માટે ફરી નવા પ્રમુખની વાત થઈ ત્યારે હાલના પ્રમુખ નવઘણભાઈના નામની જાહેરાત પણ પશ્ચિમ કચ્છ તરફથી કરવામાં આવી હતી. વાસણભાઈ અખિલ ગુજરાતના પ્રમુખ બન્યા જેમાં પણ મુખ્ય ફાળો પશ્ચિમ વિભાગનો રહેલ છે.

કચ્છ જિલ્લાના આવા જવાબદાર હોદ્દા પર રહી સાત વરસ સુધી જનરલ સભા પણ બોલાવેલ નથી તેમજ આમ જનતામાંથી આવતી ફરિયાદ મુજબ કોઈપણ વ્યકિતનો ફોન પણ ઉપાડતા નથી તેમજ અત્યારે પણ અમે ઈચ્છીએ છીએ કે ટ્રક માલિકનું કેમ ભલું થાય. હાલ આહીર સમાજની મોટી સંખ્યામાં ગાડીઓ છે, એમનો પ્રમુખ હોય તેમાં અમને કોઈ જાતનો વાંધો નથી પણ ટ્રક માલિકના હિતમાં કામ કરતા હોવા જોઈએ. હવે જયારે જનરલ મિટિંગમાં પ્રમુખની વરણીનું નક્કી થયું છે ત્યારે અત્યારે રાજકીય નેતાઓ એટલે ધારાસભ્યો, સંસદસભ્ય તેમજ જિલ્લા પંચાયત પ્રમુખને આમંત્રણ આપવું જરૂરી છે તેમજ આ સંસ્થા સાથે વરસોથી જોડાયેલ છે, જૂનો અનુભવ છે, જેમણે આ સંસ્થામાં ખૂબ મહેનત કરી છે એવા વડીલો, મોવડીઓને પણ જનરલ મિટિંગમાં ખાસ આમંત્રણ આપવું જરૂરી છે.

આગામી તા. ૨૫/૪/૨૦૨૪ના જનરલ મિટિંગમાં લોકશાહી ઢબે દરેક ગાડી માલિકને સાંભળી ગાડી માલિકના હિત કરનાર વ્યકિત ચૂંટાય એવું શાતિપૂર્ણ માહોલમાં થવું જોઈએ જેમાં કોઈ તાનાશાહી વલણ ચલાવી લેવામાં આવશે નહીં તેમજ પ્રમુખપદે મનસ્વી રીતે ઠોકી બેસાડવાની નીતિ ચલાવી લેવામાં આવશે નહીં. માટે ઉપર મુજબનુ જે લખાણ છે જેથી આજથી માંડીને ૪૦ વર્ષ જૂનો ઈતિહાસ છે, હાલના ટ્રક ઉદ્યોગ સાથેના જવાબદાર યુવાધનને ધ્યાન ન હોય તો વડીલો-મોવડીઓ સાથે આ વાતની ચર્ચા કરી લેવી જોઈએ જેથી સત્ય વસ્તુની ખબર પડે અને જો સાચા અર્થમાં જો સાત વર્ષ સુધી ગાડી માલિકના હિતમાં કામ કર્યુ હોય તો ગામડે જઈને સમર્થન લેવાની જરૂર ન પડે. માટે કચ્છ જિલ્લાના તમામ પરિવહન સાથે સંકળાયેલા તમામ ટ્રકમાલિકો પોતાના સુવર્ણ ભવિષ્ય માટે આ મિટિંગ ખૂબ જ મહત્ત્વની હોઈ પોતાની નૈતિક ફરજ સમજી પોતાની રોજી- રોટી માટે ઈમાનદારીપૂર્વક બહોળી સંખ્યામાં ટ્રક માલિકોને હાજર રહેવા વિનંતી છે.

ખાસ નોંધ : તા. ૨૫-૪-૨૦૨૪ ગુરુવારે અખિલ કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિયેશનની જનરલ મિટિંગમાં સાંસદશ્રી, કચ્છ જિલ્લાના ધારાસભ્યોશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમજ સંસ્થા સાથે સંકળાયેલા ટ્રાન્સપોર્ટરો, વડીલ - મોવડીઓને ખાસ આમંત્રણ આપવા અમારું ખાસ સૂચન છે.

લિ. શ્રી પશ્ચિમ કચ્છ ટ્રક ઓનર્સ એસોસિયેશન તેમજ સમસ્ત કારોબારી સભ્યો

ભાવેશગિરિ ગોસ્વામી
મહામંત્રી

અર્જુનસિંહ પ્રધુમનસિંહ જાડેજા
પ્રમુખ